# પ્રકરણ 1 ધર્મ સંસ્થા [Institution of Religion]


- પરિચય

અ. ધર્મનો અર્થ અને લક્ષણો

1. ધર્મનો અર્થ
2. ધર્મના લક્ષણો

બ. મુખ્ય ધર્મોની માન્યતાઓ

(1) હિંદુ ધર્મની મુખ્ય માન્યતાઓ

(2) જૈન ધર્મની મુખ્ય માન્યતાઓ

(3) બૌદ્ધ ધર્મની મુખ્ય માન્યતાઓ

(4) ખ્રિસ્તી ધર્મની મુખ્ય માન્યતાઓ

(5) ઈસ્લામ ધર્મની મુખ્ય માન્યતાઓ

(6) શીખ ધર્મની મુખ્ય માન્યતાઓ

- ધાર્મિક માન્યતાઓનું વૈવિધ્ય અને બધા ધર્મોની આંતરિક એકતા

ક. ધર્મનાં કાર્યો

ડ. ધર્મનાં વિકાર્યો


## 1. પરિચય

ધર્મ માનવસમાજની મહત્વની સંસ્થા છે. સામાજિક સંબંધો ઉપર ધર્મનો વિશેષ પ્રભાવ જોવા મળે છે. આપણા પોતાના દૈનિક જીવનનો વિચાર કરીએ તો જણાશે કે આપણા કૌટુંબિક, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને નૈતિક જીવનની ઘણી બાબતો આપણી ધાર્મિક માન્યતાઓ અને શ્રદ્ધાઓ સાથે સંકળાયેલી છે. ધર્મ માનવીના સામાજિક સંબંધોમાં શું ભાગ ભજવે છે તે દૃષ્ટિએ જ સમાજશાસ્ત્ર ધર્મનો અભ્યાસ કરે છે. ધર્મના અભ્યાસનો સમાજશાસ્ત્રીય અભિગમ વૈજ્ઞાનિક અને વાસ્તવલક્ષી છે. ધાર્મિક માન્યતાઓ,

વિધિવિધાનો વગેરેમાં જુદા જુદા સમાજોમાં વિભિન્નતાઓ જોવા મળતી હોવા છતાં એક સંસ્થા તરીકે ધર્મ સાર્વત્રિક રીતે અસ્તિત્વ ધરાવે છે. અલૌકિક શક્તિમાં માનવીની શ્રદ્ધા, વિશ્વાસ અને માન્યતા એ ધર્મનો પાયો છે.

## અ. ધર્મનો અર્થ અને લક્ષણો

## (The Meaning and characteristics of Religion)

### 1. ધર્મનો અર્થ :

માનવશાસ્ત્રી જેમ્સ ફ્રેઝર ધર્મનો અર્થ સ્પષ્ટ કરતાં નોંધે છે તેમ, ધર્મ એટલે કુદરત અને માનવીના જીવનનું સંચાલન કરતી માનવીથી વધુ શક્તિશાળી અલૌકિક શક્તિઓના અસ્તિત્વમાં માનવીની શ્રદ્ધા અને માન્યતા તથા તે આધારે એવી શક્તિઓની પૂજા-આરાધના.

**ઓગબર્ન અને નિમ્કોફ** ધર્મનો અર્થ આપતા લખે છે તેમ, ધર્મ એ માન્યતાઓ, ભાવાત્મક વલણો અને ક્રિયાઓની એવી પદ્ધતિ છે કે જેના દ્વારા માનવજૂથ માનવજીવનની અંતિમ સમસ્યાઓ. (સ્વર્ગ, નરક, મોક્ષ, શાંતિ)ને પહોંચી વળવા પ્રયાસ કરે છે.

**દુર્ખિમ** ધર્મને સામાજિક તથ્ય તરીકે ગણે છે. તેમના મતે ધર્મ એક સામાજિક પેદાશ તરીકે સમાજ સાથે અતૂટ સંબંધ ધરાવે છે. દુર્ખિમ ધર્મનો અર્થ આપતાં કહે છે કે ધર્મ એ પવિત્ર વસ્તુઓ સાથે સંબંધિત શ્રદ્ધાઓ અને ક્રિયાઓની સંકલિત વ્યવસ્થા છે. પવિત્ર વસ્તુઓ એટલે એવી વસ્તુઓ કે જેને અપવિત્ર વસ્તુઓથી જુદી ગણીને તેના અંગે અમુક નિષેધો પ્રવર્તતા હોય છે. ધર્મ એ એવી શ્રદ્ધાઓ-માન્યતાઓ અને ક્રિયાઓ-વિધિવિધાનો છે જે તેનું અનુસરણ કરનારા સૌને એક નૈતિક સમુદાયમાં સંગઠિત કરે છે અને તેને ધર્મસ્થાન તરીકે ઓળખવામાં આવે છે.

*જોહન્સન* ધર્મની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે :

"ધર્મ એ અલૌકિક શક્તિ, સ્થાનો, બળો અને અન્ય વસ્તુઓનું અસ્તિત્વ હોવા અંગેની શ્રદ્ધા, માન્યતાઓ અને આચરણોની એક વ્યવસ્થા છે. **અલૌકિક શક્તિમાં** ઈશ્વર, દેવ-દેવીઓ, દેવદૂતનું અસ્તિત્વ હોવા અંગેની શ્રદ્ધા અને માન્યતાઓનો સમાવેશ થાય છે. **અલૌકિક સ્થાનોમાં** સ્વર્ગ અને નર્ક તથા આધ્યાત્મિક શુદ્ધિ અને પ્રાયશ્ચિતના સ્થાનનું અસ્તિત્વ હોવા અંગેની શ્રદ્ધા અને માન્યતાઓનો સમાવેશ થાય છે. **અલૌકિક બળોમાં** પવિત્ર આત્માના

અસ્તિત્વ અંગેની તેમજ કર્મ, કર્મફળ તથા પુનર્જન્મ અંગેની શ્રદ્ધા અને માન્યતાઓનો સમાવેશ થાય છે."

જ્યારે કોઈ વસ્તુના અસ્તિત્વનો સ્વીકાર વિજ્ઞાનને માન્ય ન હોય તેવા આધારે કરવામાં આવે છે ત્યારે તેવી વસ્તુને **અલૌકિક** કહેવાય. આ અર્થમાં જોઈએ તો અલૌકિક વસ્તુઓ 'બિનઅનુભવજન્ય' હોય છે. આવી અલૌકિક વસ્તુઓ વાસ્તવમાં અસ્તિત્વ ધરાવે છે કે નહીં તે વિજ્ઞાન બતાવી શકતું નથી. તેમાં શ્રદ્ધા રાખતો માણસ કોઈ અન્ય પ્રકારના પુરાવાથી તે બતાવી શકે છે. (જેમ કે દિવ્યજ્ઞાન અથવા ચમત્કાર), પરંતુ જે કાંઈ પુરાવો હોય છે તેને કોઈ વૈજ્ઞાનિક સિદ્ધાંતના સમર્થન માટે યોગ્ય ગણવામાં આવતો નથી. જોહન્સન કહે છે તેમ સામાન્ય રીતે ધાર્મિક વિચારો અવૈજ્ઞાનિક હોતા નથી, પરંતુ તે વિજ્ઞાનથી ભિન્ન હોય છે. એટલે કે, વાસ્તવિક રીતે ધાર્મિક વિચારોનું સમર્થન કરવાનું તેમજ તેને ખોટા સિદ્ધ કરવાનું શક્ય હોતું નથી.

વિસ્તૃત રીતે કહીએ તો ધર્મ અલૌકિક શક્તિનું અસ્તિત્વ હોવા અંગેની માનવીની શ્રદ્ધા અને માન્યતાઓનો નિર્દેશ કરે છે. આ રીતે ધર્મ એ શ્રદ્ધા અને માન્યતાનો વિષય છે. વિજ્ઞાનની દૃષ્ટિએ ધર્મ બિન-આનુભવિક છે. ધર્મ પવિત્ર અને અપવિત્ર વસ્તુઓને અલગ પાડી માનવીમાં પવિત્ર વસ્તુઓ તરફ આદરભાવ કેળવે છે. ધર્મ માનવી અને માનવી વચ્ચેના તેમજ માનવી અને ઈશ્વર વચ્ચેના સંબંધો અંગેના નિયમો પૂરા પાડે છે. ઈશ્વરના પ્રતિનિધિરૂપ મનાયેલા વ્યક્તિ, જૂથ કે સંગઠનમાંથી માનવજીવન માટેના નિયમો કે નિષેધો વિકસે છે ત્યારે તે નિયમો ધાર્મિક નિયમાવલિઓ તરીકે ઓળખાય છે. આ નિયમો ઈશ્વરપ્રેરિત કે અલૌકિક શક્તિ પ્રેરિત હોવાનું માનવામાં આવે છે અને ઈશ્વર કે અલૌકિક શક્તિના કોપના ભયથી આ નિયમોનું પાલન થાય છે. ઈશ્વરી ઉદ્દેશ્યો સાધ્ય કરવાનાં સાધનો તરીકે ધર્મસ્થાનો અને ધાર્મિક સંગઠનો વિકસે છે, જે ધાર્મિક નિયમાવલિઓના વાહક અને સંચાલક તરીકે કાર્ય કરે છે. ધાર્મિક નિયમાવલિઓનું પાલન કે ઉલ્લંઘન પુણ્ય અને પાપના ખ્યાલો વિકસાવે છે. પુણ્ય એટલે ઈશ્વર ખુશ રહે તેવું દિવ્ય તત્ત્વને માન્ય વર્તન. પાપ એટલે ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરતું, દિવ્ય તત્ત્વથી વિરુદ્ધનું વર્તન. આમ, પુણ્ય અને પાપના ખ્યાલો ધર્મના નિયમોના મૂલ્યાંકનના માપદંડ છે.

ધર્મનો અર્થ સમજવામાં સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધીજી અને આચાર્ય વિનોબાના વિચારો ઉપયોગી છે.

ધર્મની સમજૂતી આપતાં સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે ધર્મ એ સાક્ષાત્કાર છે. ત્યાગ, સેવા અને પ્રેમ એ જ ધર્મ છે. ધર્મ એ શબ્દ નથી કે નથી સિદ્ધાંત, પણ તે સાક્ષાત્કાર છે. તે સાંભળવાની કે સ્વીકારવાની બાબત નથી પરંતુ બનવાની અને આચરણમાં મૂકવાની પ્રક્રિયા છે. ત્યાગ અને સેવા જ સાચો ધર્મ છે. જેઓ ગરીબ અને રોગીમાં ઈશ્વર જુએ છે અને તેમની સેવા કરે છે તે જ સાચો ઈશ્વરભક્ત છે અને તેજ ઈશ્વરની સાચી પૂજા આરાધના છે.

મહાત્મા ગાંધીજીના મતે માણસના અંતઃકરણમાં અસત્યમાંથી સત્ય તરફ, અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ અને અપૂર્ણતામાંથી પૂર્ણતા તરફ જવાની જે એક સનાતન વૃત્તિ રહેલી છે અને જે વૃત્તિથી પ્રેરાઈને સ્વાર્થી અહંકાર ભાવનાનો નાશ કરીને માનવી પરાર્થી લોકસેવક બને છે, તે સનાતન માનવવૃત્તિ જ ધર્મ છે. ગાંધીજીનો ધર્મ સત્ય અને અહિંસાનો ધર્મ છે.

આચાર્ય વિનોબા ભાવેની દૃષ્ટિએ આ સૃષ્ટિ ઈશ્વરસર્જિત છે. આથી ઈશ્વરની આરાધના કરવાનો સર્વોત્તમ માર્ગ સૃષ્ટિની સેવા કરવી તે છે. આત્મા અને ઈશ્વરનું અસ્તિત્વ હોવા અંગેનું તારણ વિજ્ઞાનના કોઈપણ સત્યની જેમ અંતર્નિરીક્ષણ, નિરીક્ષણ અને ચિંતન ઉપર રચાયેલું છે. પરંતુ તેના અસ્તિત્વની ચકાસણી માટે આત્મા અંગેનું જ્ઞાન, શુદ્ધ મન અને શુદ્ધ હૃદય હોવું જરૂરી છે. તે એક શ્રધ્ધાનો વિષય છે. તેના અસ્તિત્વની ચકાસણી કરવા માટે વિજ્ઞાનીની પ્રચલિત વૈજ્ઞાનિક પદ્ધતિથી જુદી જ પદ્ધતિની આવશ્યકતા રહેલી છે. ઈશ્વરને પિતા માનવાથી માનવ સંબંધોમાં ભ્રાતૃભાવના આવે છે અને સૃષ્ટિ ઈશ્વરસર્જિત હોવાની શ્રદ્ધાથી માનવસમાજમાં એકતા સ્થાપિત થાય છે.

ભારતીય ધર્મ બે પ્રકારના મનાયા છે : એક પારમાર્થિક ધર્મ અને બીજો વ્યાવહારિક ધર્મ. પારમાર્થિક ધર્મ આધિભૌતિક માન્યતાઓ અને આધ્યાત્મિક વ્યવહારોનો નિર્દેશ કરે છે. ભારતીય ધર્મનું આ પાસું અંગ્રેજી શબ્દ રીલીજનને મળતું આવે છે, જ્યારે વ્યાવહારિક ધર્મ બધી જ ધોરણાત્મક ઢબને આવરી લે છે. મહાભારતમાં ધર્મને જીવનના નિયમો તરીકે અને સમાજને ટકાવી રાખતા એક બળ તરીકે વર્ણવ્યો છે. તેમાં ફરજ અને જવાબદારી પર ભાર મૂકીને આચાર ધર્મનું પાલન કરવા ઉપર ભાર મૂક્યો છે. વ્યાવહારિક ધર્મનો અર્થ ફરજ તરીકે જોવા મળે છે. તે એક પ્રકારની ધોરણાત્મક ઢબ કે મૂલ્ય અને નીતિ બની રહે છે. આ રીતે અંગ્રેજી શબ્દ રીલીજન કરતાં ભારતીય શબ્દ ધર્મ વધુ વ્યાપક અર્થ ધરાવે છે.

## 2. ધર્મનાં લક્ષણો (Characteristics of Religion) :

ધર્મ એક સાર્વત્રિક સામાજિક સંસ્થા છે. ધર્મ સંસ્થા ધર્મગુરુ અને અનુયાયીઓ વચ્ચેના પારસ્પરિક સંબંધોની ઢબને સૂચિત કરે છે. આ સંબંધોમાં ઈશ્વરપૂજા અને આરાધના, પૂજ્યભાવ, વફાદારી અને ઉદારતાનાં વલણો કેન્દ્રસ્થાને રહે છે. સહકાર, શ્રદ્ધા, સહિષ્ણુતા અને પરોપકારનાં મૂલ્યો વિકસાવવાં તે ધર્મનું મુખ્ય કાર્ય છે. ધર્મ તેના અનુયાયીઓની સામાજિક ઓળખ શક્ય બનાવી વ્યક્તિત્વનું સુગ્રથન કરે છે. તે સમાજમાં સામાજિક નિયંત્રણનું કાર્ય કરી તેના અનુયાયીઓમાં સામાજિક એકતા વિકસાવે છે.

એક સાર્વત્રિક સામાજિક સંસ્થા તરીકે ધર્મ નીચેનાં લક્ષણો ધરાવે છે.

### (1) ધાર્મિક માન્યતાઓ :

ધાર્મિક માન્યતા એક પ્રકારની શ્રદ્ધા છે. સંશય વિના કે પુરાવા વિના સત્યનું કે અમુક અલૌકિક વસ્તુનું અસ્તિત્વ હોવામાં વિશ્વાસને ધાર્મિક માન્યતા કહેવાય. દરેક ધર્મમાં અમુક ધાર્મિક માન્યતાઓ જોવા મળે છે. આવી ધાર્મિક માન્યતાઓ અનુયાયીઓમાં વિશાળ સ્વીકાર પામી હોય છે અને તેને ગંભીરતાથી લેવામાં આવે છે તેમજ આવી માન્યતાઓનું અનુસરણ કરવામાં આવતું હોય છે. ધાર્મિક માન્યતાના ઉલ્લંઘન બદલ કોઈને કોઈ સ્વરૂપની સજાની જોગવાઈ હોય છે. આવી ધાર્મિક માન્યતાઓને જે તે ધર્મના અનુયાયીઓ દ્વારા કોઈપણ પ્રકારના પ્રશ્ન વિના કે સંશય વિના સ્વીકારવામાં આવતી હોય છે. ધર્મના એક લક્ષણ તરીકે વિભિન્ન ધર્મોમાં વિભિન્ન ધાર્મિક માન્યતાઓ હોય છે. આવી ધાર્મિક માન્યતાઓમાં મુખ્યત્વે આત્મા, પરમાત્મા, મોક્ષ, જગત, ઈહલોક અને પરલોક અંગેની માન્યતા, વગેરેનો સમાવેશ થાય છે. દરેક ધર્મમાં પારલૌકિક મોક્ષપ્રાપ્તિના સાધન તરીકે રહસ્યવાદ વિકસ્યો હોય છે. આત્મા અને પરમાત્માના જોડાણ કે મિલન અંગેની માન્યતાઓ વિકસી હોય છે. ઈશ્વરના ધ્યાન, ચિંતન-મનન અને પ્રેમ દ્વારા આત્મા અને પરમાત્માનું મિલન થઈ શકે છે તેવા સિદ્ધાંતને રહસ્યવાદ કહેવાય. બીજી રીતે કહીએ તો સત્ય અંગેની આધ્યાત્મિક અનુભૂતિ કે અંતર્દૃષ્ટિ પ્રાપ્ત કરવાની રીતને રહસ્યવાદ કહેવામાં આવે છે. તે ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાની રીત છે. રહસ્યાવાદને મોક્ષપ્રાપ્તિનું સાધન માનવામાં આવે છે. રહસ્યાવાદમાં પરમાત્માને સર્વવ્યાપી અને સર્વ લોકોમાં વાસ કરતો હોવાની માન્યતા કેન્દ્રસ્થાને છે.

### (2) પવિત્ર અને અપવિત્ર વસ્તુઓ વિશેના ધાર્મિક ખ્યાલો :

ધર્મનું બીજું મહત્ત્વનું લક્ષણ એ છે કે દરેક ધર્મમાં પવિત્ર અને અપવિત્ર વસ્તુઓ વિશેના ધાર્મિક ખ્યાલો પ્રવર્તતા હોય છે. પવિત્ર અને અપવિત્ર વસ્તુઓ વિશેના ધાર્મિક ખ્યાલો ધાર્મિક માન્યતાઓને સમજવામાં ઉપયોગી બને છે. પવિત્ર અને અપવિત્ર વચ્ચેનો ભેદ બધા ધર્મોમાં જોવા મળે છે. જો કે, અમુક વસ્તુને પવિત્ર ગણવી કે અપવિત્ર એ બાબતમાં જુદા જુદા ધર્મોમાં ભિન્નતા રહેલી છે.

પવિત્ર એટલે અલગ તારવેલી એવી વસ્તુઓ જેમાં ધાર્મિક શ્રદ્ધાઓ, વિધિવિધાનો, દેવ-દેવીઓ, ધર્મસ્થાનો, તીર્થસ્થાનો, પૂજાસ્થાનો, પૂજા આરાધના કરવાની ચીજવસ્તુઓ, અમુક પશુ, વૃક્ષ, વનસ્પતિ, અમુક પર્વત અને નદી, સૂર્ય ચંદ્ર, વગેરે પ્રકૃતિનાં તત્ત્વો, વગેરેનો સમાવેશ થાય છે. પવિત્ર મનાતી વસ્તુઓ માટે અમુક ધાર્મિક ક્રિયા કરવાનું જરૂરી ગણાતું હોય છે. પવિત્ર સિવાયની બધી વસ્તુઓને અપવિત્ર માનવામાં આવતી હોય છે. 'પવિત્ર' વસ્તુઓનું મહત્ત્વ એ છે કે તે 'અપવિત્ર'થી ભિન્ન મનાય છે. પવિત્ર વસ્તુઓની પૂજાભક્તિ, વિધિવિધાનો, અનુષ્ઠાન કરવામાં આવતાં હોય છે. રૂડોલ્ફ કહે છે કે પવિત્ર વસ્તુ એટલે માનવ વાસ્તવિકતાથી તદ્દન ભિન્ન વાસ્તવિકતા. તે એવી વાસ્તવિકતા જે અકળ છે. એટલે કે તર્ક-બુદ્ધિથી સમજી શકાતી નથી અને સમજાવી શકાતી નથી.

### (3) ધાર્મિક વિધિવિધાન :

ધાર્મિક વિધિવિધાન ધર્મનું ત્રીજું મહત્ત્વનું લક્ષણ છે. બધા ધર્મોમાં અલૌકિક શક્તિ અને માનવી વચ્ચે સંપર્ક સ્થાપિત કરવા માટેની ક્રિયાઓ થતી હોય છે. આવી ધાર્મિક ક્રિયાઓને વિધિવિધાન કહેવાય. ધાર્મિક માન્યતાઓને આધારે અલૌકિક શક્તિની પૂજા આરાધના કરવા માટેની ધાર્મિક ક્રિયાઓને ધાર્મિક વિધિવિધાન કહેવામાં આવે છે. ધાર્મિક વિધિવિધાન એવી ધાર્મિક ક્રિયાઓ છે જેમાં અલૌકિક શક્તિને અપીલ કરવામાં આવે છે, તેની પૂજા કરવામાં આવે છે. આવી ક્રિયા અલૌકિક શક્તિ પ્રત્યેની શ્રદ્ધાભાવ કે ભક્તિભાવની અભિવ્યક્તિ હોય છે. આવી ધાર્મિક વિધિ કોઈ ધ્યેય પ્રાપ્તિ માટે પણ થતી હોય છે. જન્મથી મૃત્યુ સુધીના સંસ્કારોની વિધિઓ ધાર્મિક વિધિઓના ઉદાહરણો છે. દરેક ધર્મમાં કોઈને કોઈ સ્વરૂપના જીવનયાત્રા સંસ્કારો હોય છે. આ સંસ્કાર વિધિઓ ધાર્મિક વિધિવિધાનો છે. વિભિન્ન પ્રકારના ધાર્મિક વિધિવિધાન અનુયાયીઓના જીવનમાં પ્રાણ પૂરે છે. અનુયાયીઓમાં

શિસ્ત ઊભી કરી એકતા સર્જે છે.

ધાર્મિક વિધિવિધાનમાં પવિત્ર મૂર્ત વસ્તુઓનો ઉપયોગ થાય છે અને અલૌકિક શક્તિના સંદર્ભમાં તે અર્થપૂર્ણ હોય છે. ધાર્મિક વિધિવિધાન મોક્ષપ્રાપ્તિ અંગેની ધાર્મિક વ્યવસ્થાનું અંગ છે અને તે ગંભીર જીવનનું પણ એક અંગ છે. ધાર્મિક વિધિવિધાન આનંદપૂર્ણ અને સુખદ પણ હોય છે. તે શોક, દિલગીરી, ભય અને કરુણતાની અભિવ્યક્તિરૂપ પણ હોય છે. ધાર્મિક વિધિવિધાન ધ્યેય પ્રાપ્તિના સાધનરૂપ પણ હોય છે. પ્રત્યેક ધાર્મિક વિધિવિધાન દીર્ઘકાળ સુધી એક જ પ્રકારે કરવામાં આવતી હોય છે. આથી તે રૂઢિગ્રસ્ત બની જાય છે અને ધાર્મિક પરંપરાનું અંગ બની જાય છે.

ધાર્મિક વિધિવિધાનની અસર આવી વિધિઓ કરનાર વ્યક્તિ ઉપર પડે છે. તેમાં અમુક વલણો વ્યક્ત થાય છે અને તેનાથી વલણો, ધાર્મિક માન્યતાઓ, અને શ્રદ્ધા દૃઢ બને છે. ધાર્મિક વિધિવિધાનો જાહેરમાં કરવામાં આવે છે ત્યારે તેની અસર ઘણી વધારે હોય છે. આવી વિધિઓથી વ્યક્તિનું જૂથ સાથેનું જોડાણ થાય છે અને એકતા સર્જે છે, તથા સમાજજીવનને ચેતનવંતુ અને ધબકતું રાખે છે. વિધિવિધાનો સમાજમાં તંગદિલી હળવી કરે છે અને સામાજિક કલ્યાણની આનંદદાયક ભાવનાને પોષણ પૂરું પાડે છે.

### (4) કાલ્પનિક કથાઓ – દંતકથાઓ

ધર્મનું ચોથું મહત્ત્વનું લક્ષણ કાલ્પનિક કથાઓ - દંતકથાઓ છે. અલૌકિક શક્તિ અને અલૌકિક જગત તથા મોક્ષ અંગે કેટલીક કાલ્પનિક કથાઓ બધા ધર્મોમાં જોવા મળે છે. કાલ્પનિક કથાઓ અલૌકિક ઘટનાઓ કે બનાવો વિશેની એવી માન્યતાઓ છે જેમાં એ ઘટના કે બનાવ અમુક સમયે અને અમુક સંજોગોમાં અમુક દિવ્ય હેતુ માટે બનેલી છે એમ વિચારવામાં આવ્યું હોય છે. મોટાભાગની કાલ્પનિક કથાઓનો સંબંધ જગતનો ઉદ્ભવ, દેવ-દેવીઓનો ઉદ્ભવ, કુદરતની કેટલીક વિશિષ્ટતાનો ઉદ્ભવ વગેરે વિવિધ ઘટનાઓ કે બનાવોના ઉદ્ભવ સાથે હોય છે. આવી કાલ્પનિક કથાઓમાં ચમત્કારોને લગતી કથાઓ, દિવ્યદર્શનને લગતી કથાઓનો સમાવેશ થાય છે. કાલ્પનિક કથાઓનું સામાન્ય કાર્ય એ છે કે તેનાથી અલૌકિક શક્તિ વિશેના વિચારો પૂર્ણ બને છે અને અલૌકિક ઘટનાઓ વિશેની માન્યતાઓ મજબૂત બને છે.

ધર્મના અર્થ અને લક્ષણો પરથી જણાશે કે ધર્મ અલૌકિક શક્તિ પ્રત્યેની શ્રદ્ધાનો નિર્દેશ કરે છે. ધર્મ માત્ર શ્રદ્ધાનો વિષય છે. બુદ્ધિ કે તર્ક સાથે ધર્મનો

સંબંધ નથી. ધર્મ વિજ્ઞાનથી પર છે. વિજ્ઞાન ધર્મને પુરવાર કરી શકતું નથી. કારણ કે ધર્મ કાર્ય-કારણના સંબંધથી પર એવો શ્રદ્ધાનો વિષય છે. ધર્મ પવિત્ર અને અપવિત્ર વસ્તુઓને અલગ પાડી પવિત્ર વસ્તુઓ તરફ આદરભાવ કેળવે છે. જેનું નિરાકરણ બુદ્ધિ કે વિજ્ઞાન દ્વારા થઈ શકતું નથી એવી માનવજીવનની અંતિમ સમસ્યાઓને પહોંચી વળવા માટે ધર્મ માર્ગદર્શક બને છે. જેમ કે મૃત્યુ, મૃત્યુ પછીનું જીવન, સ્વર્ગ, નર્ક, મોક્ષ, પાપ, પુણ્ય વગેરે ઘટનાઓ બુદ્ધિથી કે વિજ્ઞાનથી સમજી શકાઈ નથી. ધર્મ આ ઘટનાઓનો ખુલાસો કરે છે. અને ધર્મ વિશેની માનવીની શ્રદ્ધાઓ તેમાં વિશ્વાસ ધરાવે છે.

## બ. મુખ્ય ધર્મોની માન્યતાઓ
## (Religious Beliefs)

ભારતમાં ધાર્મિક વૈવિધ્ય રહેલું છે. ભારતમાં હિંદુ, જૈન, બૌદ્ધ, ખ્રિસ્તી, ઈસ્લામ અને શીખ એમ વિભિન્ન ધર્મો છે. આથી ધાર્મિક માન્યતાઓ અને આચરણોમાં વૈવિધ્ય જોવા મળે છે. આમ છતાં બધા ધર્મોમાં આંતરિક એકતા રહેલી છે. અહીં વિભિન્ન ધર્મોની મુખ્ય માન્યતાઓ અને આચરણોનું નિરૂપણ કરીને બધા ધર્મોમાં રહેલી આંતરિક એકતાનો પરિચય મેળવીશું.

### (1) હિંદુ ધર્મની મુખ્ય માન્યતાઓ :

હિંદુ ધર્મની મુખ્ય ધાર્મિક માન્યતાઓ આ પ્રમાણે છે :

**(i) વેદો ઈશ્વર પ્રણીત છે તેવી માન્યતાઓ :** હિંદુ ધર્મનું મૂળ વેદોમાં રહેલું છે અને તેમાંથી વેદાંત ધર્મ ઉત્ક્રાંત થયો છે. ઉપનિષદ, ગીતા અને વ્યાસનાં સૂત્રોમાં હિંદુ ધર્મનું હાર્દ સમાયેલું છે. વેદોને અપૌરુષેય માનવામાં આવે છે એટલે કે વેદો કોઈ વ્યક્તિએ નહિ પરંતુ ઈશ્વરે રચેલા છે. આથી વેદોને અફર, સર્વજ્ઞાનનો ભંડાર માનવામાં આવ્યો છે. વેદ આર્યોનો પવિત્ર ગ્રંથ છે અને તે ઈશ્વર રચિત છે એવી માન્યતા હિંદુ ધર્મમાં દૃઢ થયેલી છે.

**(ii) સર્વેશ્વરવાદ :** હિંદુ ધર્મનો ઝોક સર્વેશ્વરવાદ તરફનો છે. સર્વેશ્વરવાદ એટલે સમગ્ર વિશ્વમાં ઈશ્વર વ્યાપેલો છે એવી દૃઢ માન્યતા, પ્રકૃતિનાં દરેક તત્ત્વોમાં દેવોનો વાસ હોવાની કલ્પનામાંથી બહુદેવવાદ હિંદુ ધર્મમાં વિશિષ્ટ સ્વરૂપે વિકસ્યો છે. પરંતુ બધા જ દેવો મૂળભૂત રીતે એક છે અને વિવિધ રૂપોમાં પ્રગટ થવા છતાં બધા દેવોમાં એક જ પરમાત્મા વ્યાપ્ત છે એવી માન્યતાને લીધે બધા દેવોને પ્રજાપતિનાં અંગ માનવામાં આવ્યાં છે. મેક્સ

વેબર નોંધે છે તેમ "સ્થાનિક દેવો અને વિશિષ્ટ દેવો પર એક સર્વોપરી દેવની માન્યતા વિકસી જેને એકેશ્વરવાદી કહી શકાય." **પ્રો. કન્હન** કહે છે તેમ વૈદિક બહુદેવવાદ એકેશ્વરવાદનું એક પાસું છે. ઉપનિષદમાં એકેશ્વરવાદ બ્રહ્મ સ્વરૂપે જોવા મળે છે.

**(iii) અવતારવાદ :** અવતાર એટલે જન્મ. અવતારવાદ એટલે ઈશ્વર અમુક અમુક કાળે પૃથ્વીનો ભાર ઉતારવા જન્મ લે છે એવો સિદ્ધાંત. મહાકાવ્યોમાં દશાવતારનો વિચાર વ્યક્ત થયો હતો. **શ્રીનિવાસ** નોંધે છે કે વિષ્ણુ એક અવતાર ગણાય છે. રામ, કૃષ્ણ, બુદ્ધ ને વિષ્ણુના અવતાર માનવામાં આવ્યા છે. અવતારનો અર્થ એ કે અધર્મનો નાશ કરવા અને ધર્મની સ્થાપના કરવા ભગવાન યુગે યુગે પૃથ્વી ઉપર જન્મ લે છે. (ભગવદ્ગીતા) વિષ્ણુને રક્ષક માનવામાં આવ્યા છે, બ્રહ્માને સર્જક માનવામાં આવ્યા છે અને શિવને સંહારક માનવામાં આવ્યા છે. એટલે રક્ષક વિષ્ણુ અવતાર લે છે એવી માન્યતા છે.

**(iv) આત્મા અને પરમાત્મા :** આત્મા અને પરમાત્મા વચ્ચેના સંબંધ અંગે એવી માન્યતા છે કે જીવો સર્વોપરી ઈશ્વરના અંશો છે. ઈશ્વર એ સૃષ્ટિનો સર્જક, સંરક્ષક, નિયામક અને સંહારક છે. દરેક જીવનના હૃદયમાં ઈશ્વર વસે છે, તે અમર અને નિરાકાર છે, તે સત્ય અને પ્રેમનું પ્રતીક છે. આ રીતે ઈશ્વરના ઐક્ય અને આધ્યાત્મિક ઐક્યનો સિદ્ધાંત રજૂ થયો છે.

**(v) કર્મ, પુનર્જન્મ અને મોક્ષ અંગેની માન્યતા :** હિંદુ ધર્મમાં કર્મને પ્રકૃતિનો સ્વભાવ ગણવામાં આવ્યો છે. સમગ્ર સૃષ્ટિનું સંચાલન કર્મના નિયમ વડે થાય છે અને તે ન્યાયના મૂળભૂત સિદ્ધાંત ઉપર રચાયેલ છે તેમ માનવામાં આવ્યું છે. એવી માન્યતા છે કે મનુષ્ય જેવાં કર્મો કરે છે તેવું જ તેને ફળ મળે છે. મનુષ્ય અત્યારે જે ભોગવી રહ્યો છે તે તેનાં પોતાનાં જ પૂર્વકર્મોના ફળરૂપે છે. કર્મ અંગેના આ સિદ્ધાંતમાં દરેક વ્યક્તિને ન્યાયાધીશ માનેલ છે. કર્મને જ પુનર્જન્મનું કારણ માનવામાં આવ્યું છે. દરેકને તેનાં પોતાનાં કર્મોનાં ફળ મુજબ દેવ, પશુ, મનુષ્ય, સ્વર્ગ, નર્ક વગેરેમાં પુનર્જન્મ મળે છે. આત્માની પ્રગતિ અને અવનતિ આત્મા મોક્ષ પામે ત્યાં સુધી ચાલ્યા કરે છે. મોક્ષનું સ્વરૂપ જુદા જુદા સંપ્રદાયોમાં જુદી જુદી રીતે કલ્પવામાં આવ્યું છે પરંતુ એ બધામાં સમાન તત્ત્વ એટલું છે કે પૂર્ણતાને પામેલો આત્મા જન્મમરણના ફેરામાંથી મુક્ત થાય છે અને તે કાં તો ઈશ્વરના સંસર્ગમાં રહે છે અથવા

ઈશ્વરમાં ભળી જાય છે.

**(vi) શુદ્ધિ-અશુદ્ધિ અંગેની માન્યતાઓ :** હિંદુ ધર્મમાં શુદ્ધિ-અશુદ્ધિ અંગેની માન્યતાઓ મુખ્ય છે. આ અંગેના માન્યતાઓ કે પવિત્ર-અપવિત્ર અંગેની માન્યતાઓ મુખ્ય છે. આ અંગેના નિયમોની ચુસ્તતા બાબતમાં વિવિધ પ્રદેશો અને જ્ઞાતિઓમાં તફાવતો છે પરંતુ આ માન્યતા ઉપર રચાયેલા નિયમો સમગ્ર જીવનના મોટાભાગના ક્ષેત્રને આવરી લે છે. સંપર્ક, ખાન-પાન, લગ્ન, અંગેના નિયમો શુદ્ધિ-અશુદ્ધિ અંગેની માન્યતાઓ ઉપર રચાયેલ છે. આ નિયમોનું ઉલ્લંઘન થાય તો અશુદ્ધિ આવે, અપવિત્ર થવાય એવી માન્યતા છે. અને એમ થાય તો શુદ્ધિની ક્રિયામાંથી પસાર થવું પડે છે. કોઈ કુળ કે કુટુંબમાં જન્મ કે મૃત્યુ થાય ત્યારે એ કુળ કે કુટુંબના માણસોને સૂતક લાગે છે. કોઈ ધાર્મિક પ્રસંગ હોય તો પવિત્રતા જાળવવી પડે છે. ઈશ્વરસ્તુતિ કે વ્રત વખતે વિધિપૂર્વક શુદ્ધ બનવું પડે છે.

**(vii) જીવનનાં ધ્યેયો :** હિંદુએ જીવનમાં ક્યાં ધ્યેયોને અનુસરવું તે પણ શાસ્ત્રોમાં નક્કી કરવામાં આવ્યું છે. એ ધ્યેયોને પુરુષાર્થ કહેવામાં આવતાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ થયા. બીજા અને ત્રીજા પુરુષાર્થનું **આચરણ ધર્મના નિયમો** પ્રમાણે કરવાનું હોય છે. પ્રથમ ત્રણ પુરુષાર્થો સાધ્ય હતા, જ્યારે છેલ્લા પુરુષાર્થ - મોક્ષ-આંતરિક હોઈ તે સિદ્ધ કરવા માટે વ્યક્તિએ રાહ જોવી પડે છે.

**(viii) ઈશ્વરપ્રાપ્તિના ત્રણ માર્ગો :** હિંદુ ધર્મમાં ઈશ્વરપ્રાપ્તિના ત્રણ માર્ગો : જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ અને ભક્તિમાર્ગનો સ્વીકાર થયો છે. સૌ કોઈ ઈશ્વરપ્રાપ્તિ કરી શકે છે. ભક્તિમાર્ગ હિંદુ ધર્મમાં મધ્ય સ્થાને છે. એને આમવર્ગ જ માને છે એવું નથી, બુદ્ધિજીવીઓ પણ એને માન્ય રાખે છે. તાત્વિક હિંદુ ધર્મમાં એને સ્થાન મળેલું છે. તેમાં આંતરિક આધ્યાત્મિક શુદ્ધિ ઉપર ભાર મૂકી ઈશ્વરની વૈયક્તિક ભક્તિનો મહિમા છે. ભક્તિનાં દ્વાર સર્વ માટે ખુલ્લાં હોઈ તે લોકશાહી અને જનસામુદાયિક ચળવળ સ્વરૂપે જોવા મળે છે. મધ્યયુગીન ભક્તિ આંદોલને હિન્દુ-મુસ્લિમ ધર્મોનાં સંયોજનની ભૂમિકા સર્જી આપીને માનવ એકતાનો સંદેશો આપ્યો છે.

**(ix) મંદિરો, તીર્થસ્થાનો અને ઉત્સવો :** પ્રાચીનકાળથી ભારત ધર્મપ્રધાન હોવાથી પ્રત્યેક ગામ, પ્રદેશ અને દેશકક્ષાએ મહત્ત્વ ધરાવતાં મંદિરોનું નિર્માણ થયું છે. પવિત્ર મનાતી ગંગા, ગોદાવરી, સરસ્વતી, કાવેરી, નર્મદા વગેરે નદીઓના તટે આવેલાં મંદિરો તીર્થસ્થાનો ગણાય છે. આ ઉપરાંત મીનાક્ષી

મંદિર, મહાકાળીનું મંદિર, વૈષ્ણોદેવીનું મંદિર વગેરે માતૃપૂજા માટે અગત્ય ધરાવે છે. ચારધામ યાત્રાનું વિશેષ મહત્ત્વ છે. મંદિરો અને મૂર્તિપૂજા પરસ્પર સંકળાયેલ છે. આમ મંદિરોની પરંપરા પ્રાચીન કાળથી અર્વાચીન સમય સુધી ઉત્તરોત્તર વિકાસ પામતી રહી છે. હિંદુ ધર્મમાં ધાર્મિક તહેવારો અને ઉત્સવોનું વિશેષ મહત્ત્વ છે. ઉત્તરાયણ, મહાશિવરાત્રી, જન્માષ્ટમી, ગણેશચતુર્થી, શ્રાદ્ધ, નવરાત્રિ, દશેરા વગેરે ઉત્સવો પરંપરાથી ચાલ્યા આવે છે. આ તહેવારોના દિવસોએ પૂજા-આરાધનાનું મહત્ત્વ રહેલું છે.

**(x) યજ્ઞ અને કર્મકાંડ :** પ્રાચીન કાળમાં હિંદુ ધર્મ યજ્ઞપ્રધાન હતો. યજ્ઞોની વિધિઓ અને અનુષ્ઠાનો માટે બ્રાહ્મણ ગ્રંથો રચાયા. આજે પણ કર્મકાંડને લગતા-યજ્ઞવિધિને લગતા ગ્રંથો પ્રચલિત છે. જન્મથી મૃત્યુ પર્યંતના સંસ્કારોમાં નાનામોટા યજ્ઞો થતા. આજે પણ ઔપચારિક રીતે લગ્ન પ્રસંગે યજ્ઞ થાય છે. આ ઉપરાંત પ્રસંગોપાત પુરોહિત પાસે ધાર્મિક વિધાન સ્વરૂપના કર્મકાંડ થાય છે. ગાયત્રી યજ્ઞ, નવચંડી યજ્ઞ, વાસ્તુ યજ્ઞ વગેરે સ્વરૂપે યજ્ઞો અને તેમાં પુરોહિતનું મહત્ત્વ રહેલું છે.

## (2) જૈન ધર્મની મુખ્ય માન્યતાઓ :

જૈનધર્મની મુખ્ય ધાર્મિક માન્યતાઓ નીચે મુજબ છે :

**(i) સંસાર અને પરમાત્મા :** જૈન ધર્મ અનુસાર સૃષ્ટિનું સર્જન કરનાર, સંચાલન કરનાર, નાશ કરનાર કે પુનઃસર્જન કરનાર એવી કોઈ સર્વોપરી દૈવી શક્તિ કે ઈશ્વર નથી. સંસાર માયા નથી, પણ વાસ્તવિકતા છે. દૈવીજીવ, માનવજીવ, નારકજીવ (નર્કમાં વસતા જીવો) અને તિર્યંચજીવ (નિમ્ન પ્રાણી અને વનસ્પતિ જીવો)નો સંસાર બનેલો છે. આ સંસાર કર્મબંધનોનું પરિણામ છે એવી તેની માન્યતા છે.

**(ii) કર્મ અને પુનર્જન્મ :** જૈન ધર્મ મુજબ આત્માની દુઃખમય પરિસ્થિતિ વ્યક્તિનાં પોતાનાં જ કર્મોથી ઊભી થાય છે. સુખ દુઃખ પોતાના કર્મ અનુસાર આવે છે. બધાં જ જીવોનું વર્તમાન અસ્તિત્વ તેના કર્મોને આભારી છે એવી માન્યતા છે.

**(iii) આત્મા અને મોક્ષ :** જીવ જ્યાં સુધી સંસારમાં હોય છે ત્યાં સુધી તેને કર્મનું બંધન રહે છે. કર્મનું બંધન જીવની ગતિ નક્કી કરે છે. કર્મબંધનમાંથી મુક્તિ મેળવવાથી જ મોક્ષ મળે છે. જીવ શરીરથી ભિન્ન છે તેવું જ્ઞાન મનુષ્ય

પ્રાપ્ત કરે તે જ મોક્ષનો માર્ગ છે. જ્યારે જીવ વાસનાથી પર બને, ઈચ્છારહિત બને ત્યારે તે મોક્ષ મેળવે છે એવી માન્યતા છે.

**(iv) મોક્ષનો માર્ગ :** જૈન ધર્મમાં મોક્ષપ્રાપ્તિ માટે ત્રિરત્ન તરીકે ઓળખાતા સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચરિત્રનો માર્ગ આપ્યો છે. વાસ્તવમાં તે વૈદીક ધર્મના ભક્તિ માર્ગ, જ્ઞાન માર્ગ અને કર્મ માર્ગનું પરિવર્તિત સ્વરૂપ છે. અહીં ભેદ એ છે કે વૈદિક ધર્મમાં આ ત્રણ પૈકી કોઈ પણ એક માર્ગ દ્વારા મોક્ષ મેળવી શકાય છે. જ્યારે જૈન ધર્મમાં મોક્ષપ્રાપ્તિ માટે આ ત્રણેય માર્ગને અનુસરવું આવશ્યક અને અનિવાર્ય માનવામાં આવે છે.

**જૈન ધર્મનો મૂળભૂત સિદ્ધાંત અહિંસા છે.** આ સિદ્ધાંતના પાયા પર ગૃહસ્થી માટે **પંચવ્રતનો સિદ્ધાંત** આપ્યો છે, જે જીવન માટેની નૈતિક ધોરણોની વ્યવસ્થા અથવા તો વ્યવહારુ ધર્મ બની રહે છે. આ પંચવ્રતમાં ગૃહસ્થીએ અહિંસા, સત્ય, અસ્તેય અને બ્રહ્મચર્ય એ પાંચ વ્રતોનું પાલન કર્મબંધનમાંથી મુક્તિ મેળવવા માટે કરવાનું છે. પંરતુ માત્ર પંચવ્રતના પાલનથી મોક્ષ મળતો નથી. ગૃહસ્થીએ આ પંચવ્રતના અનુસરણ દ્વારા મોક્ષ માટેની પૂર્વ તૈયારી કરવાની હોય છે. ત્યારબાદ ગૃહત્યાગ કરીને, સંન્યાસી બનવાનું છે, જ્યાં તેણે પંચવ્રત ઉપરાંત ત્રિરત્નના માર્ગ પર ચાલીને કર્મમુક્ત બની મોક્ષ મેળવવાનો છે. આમ જૈન ધર્મે નિવૃત્તિ ઉપર ભાર મૂક્યો છે.

## (3) બૌદ્ધ ધર્મની મુખ્ય માન્યતાઓ :

બૌદ્ધ ધર્મની મુખ્ય ધાર્મિક માન્યતાઓ નીચે મુજબ છે :

**(i) કર્મ, કર્મફળ અને પુનર્જન્મ :** બૌદ્ધ ધર્મમાં કર્મને ચેતના કે સભાનતા તરીકે ઓળખાવ્યું છે. સારું કે ખરાબ, પાપ કે પુણ્યની સભાનતા એટલે કર્મ. એટલે કે કોઈપણ વર્તનમાં જયારે ઈચ્છા-તૃષ્ણા વ્યક્ત થાય ત્યારે તે વર્તનને કર્મ કહેવાય.

પુનર્જન્મ નક્કી કરનાર કર્મ, પ્રતિકૂળ કર્મ, વિનાશક કર્મ, વર્તમાન જીવનમાં પરિણામો લાવનાર કર્મ, ભૂતકાલીન કર્મ, ભાવિ જીવનમાં પરિણામો લાવનારાં કર્મો, એ રીતે કર્મના વિભિન્ન પ્રકાર દર્શાવ્યા છે. આ પ્રકારના કર્મોમાં કર્મફળ અને પુનર્જન્મનો ખ્યાલ વ્યક્ત થાય છે. કર્મો પરિણામો લાવે છે અને તેનું ફળ મળે છે તથા કર્મ પુનર્જન્મ નક્કી કરે છે એવી માન્યતા છે.

**(ii) ઈશ્વર અને આત્મા :** બૌદ્ધ ધર્મ ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરતો નથી તેમજ અસ્વીકાર પણ કરતો નથી. તેમાં આત્માના અસ્તિત્વનો પણ સંપૂર્ણ રીતે અસ્વીકાર કરેલો છે. એ રીતે જોતાં બૌદ્ધ ધર્મ કદાચ અનિશ્વરવાદી નથી, પણ અનાત્મવાદી તો છે જ.

**(iii) મોક્ષ અને મોક્ષનો માર્ગ :** નિર્વાણ એ બૌદ્ધ ધર્મમાં મોક્ષ માટેનો પર્યાય છે. નિર્વાણ એ સ્વર્ગ નથી, પણ સભાનતામુક્ત અવસ્થા છે. તે આંતરિક પ્રકૃતિની શાંત અવસ્થા છે, આધ્યાત્મિકતાની સર્વોચ્ચ સ્થિતિ છે, રાગ, દ્વેષ, મોહવિહીન અવસ્થા છે. તે મૃત્યુથી વિરુદ્ધ પરિસ્થિતિ છે. નિર્વાણ મનથી અનુભવી શકાય તેવો એક સાક્ષાત્કાર છે. જે પોતાના જીવનને સાચે રસ્તે વાળે છે તે નિર્વાણનો સાક્ષાત્કાર કરી શકે છે. સ્વબુદ્ધિ, સ્વનિયંત્રણ અને સ્વપરીક્ષણની પદ્ધતિ દ્વારા નિર્વાણ પામી શકાય છે એવી માન્યતા બૌદ્ધ ધર્મમાં છે.

ગૌતમ બુદ્ધે આત્મા અને પરમાત્માના અસ્તિત્વ કે તેના સ્વરૂપ કરતાં માનવજીવન અને વર્તન ઉપર સવિશેષ ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે મનુષ્ય દુઃખી છે. આ દુઃખ અકારણ નથી. કોઈને કોઈ તૃષ્ણાને લીધે દુઃખ ઉદ્ભવે છે. માનવી અષ્ટાંગ માર્ગ અપનાવીને દુઃખમુક્ત બની શકે છે. આ માર્ગ દ્વારા તૃષ્ણામુક્ત બનવું તેને જ નિર્વાણ કહ્યો છે.

અષ્ટાંગ માર્ગ વાસ્તવમાં આચારધર્મ કે વ્યવહારિક ધર્મ છે, જે નિવૃત્તિ અને પ્રવૃત્તિ વચ્ચેનો મધ્યમ માર્ગ બની રહે છે. એક બાજુ જન્મ અને જીવન તૃષ્ણાને કારણે છે તેમ કહી નિર્વાણ પર ભાર મૂક્યો છે, તો બીજી બાજુ કર્મમાં શ્રદ્ધા દર્શાવી કર્તવ્ય પર ભાર મૂક્યો છે, ગૌતમ બુદ્ધે પતિપત્ની, માબાપ અને સંતાન, ગુરુ-શિષ્ય વગેરે વચ્ચેના પારસ્પરિક કર્તવ્યો ઉપર ભાર મૂકી વ્યવહારિક ધર્મને પ્રાધાન્ય આપ્યું છે.

## (4) ખ્રિસ્તી ધર્મની માન્યતાઓ :

ખ્રિસ્તી ધર્મની મુખ્ય માન્યતાઓ નીચે મુજબ છે :

**(i) ઈશુ ખ્રિસ્ત વિશેની માન્યતા :** ઈસુ ખ્રિસ્ત વિશેની એક મુખ્ય માન્યતા અને શ્રદ્ધા એ છે કે ઈસુ ખ્રિસ્તને વધસ્થંભ પર ચઢાવવામાં આવ્યા હતા. તેઓ મૃત્યુ પામ્યા બાદ તેમની દફનવિધિ કરવામાં આવી હતી. આ પછી ત્રીજા દિવસે તેઓ સજીવન થયા. સજીવન થયા બાદ ચાલીસ સુધી

સ્વર્ગારોહણ કર્યું. સ્વર્ગારોહણ દરમિયાન તેમણે તેમના દૂતો અને શિષ્યોને દર્શન આપ્યાં, પાપીઓને માફી આપી, પોતે ઈશ્વરના પુત્ર હોવાનો વિચાર રજૂ કર્યો અને શિષ્યોને પોતાના ઉપદેશોનો પ્રસાર કરવાનું તેમજ લોકોને ખ્રિસ્તી ધર્મની દીક્ષા આપવાનું કાર્ય સોંપ્યું. ઈસુ ખ્રિસ્ત સાચા માનવ અને ઈશ્વર હોવાની માન્યતા-શ્રદ્ધા પ્રવર્તે છે. ઈસુ જન્મ પાપનિવારણ માટેની દૈવી યોજનાનો એક ભાગ છે તેવી દૃઢ માન્યતા છે.

**(ii) ત્રિમૂર્તિ (Trinity) અંગેની માન્યતાઓ :** બાઈબલ ખ્રિસ્તીધર્મનો પવિત્ર ગ્રંથ છે. બાઈબલમાં એકેશ્વરવાદનો સિદ્ધાંત ત્રિમૂર્તિના ખ્યાલ દ્વારા રજૂ થયો છે. આ ખ્યાલ મુજબ ઈશ્વર એક છે અને તે ત્રિગુણાત્મક સ્વરૂપ છે. ખ્રિસ્તી ધર્મ અનુસાર પિતા, પુત્ર અને પવિત્ર આત્મા મળીને બનેલો એક ઈશ્વર છે. ઈશ્વર એક દૈવી શક્તિની ત્રિગુણી વ્યક્તિમત્તા ધરાવે છે તેવી માન્યતા અને શ્રદ્ધા ખ્રિસ્તી ધર્મમાં પાયાનો ખ્યાલ છે. આ અર્થમાં ખ્રિસ્તી ધર્મ ત્રિરૂપેશ્વરવાદી છે. ઈસુ ખ્રિસ્તે પોતે ઈશ્વરના પુત્ર હોવાનો વિચાર રજૂ કર્યો હતો, એટલે કે ઈશ્વર પિતા છે, ઈસુ પુત્ર છે અને દરેક વ્યક્તિ ઈશ્વરનું સંતાન છે તથા આત્મા અમર છે. આમ, ખ્રિસ્તી ધર્મ અનુસાર ઈશ્વર સર્વવ્યાપી છે. ત્રિમૂર્તિના માનમાં ઈસ્ટર પછીના 7મા રવિવારના દિવસે Trinity Sunday ઉજવવામાં આવે છે. હિંદુ ધર્મમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરની ત્રિમૂર્તિ અને ત્રિમુખી ભગવાન દત્તાત્રેય એ ત્રણ મુખ્ય દેવોનો સમન્વય સાધવાનો પ્રયાસ છે. ત્રિમૂર્તિના ખ્યાલમાં ત્રણનું સંયોજન થયું હોવાની માન્યતા-શ્રદ્ધા ખ્રિસ્તી ધર્મના એકેશ્વરવાદને રજૂ કરે છે.

**(iii) જગત ઈશ્વરનું સર્જન છે :** બાઈબલ અનુસાર વિશ્વ-જગત દૈવી સર્જન છે. ઈશ્વરે પૃથ્વીનું સર્જન કરીને પૃથ્વી ઉપર જે કંઈ છે તે બધું દૈવત્વથી અલગ કર્યું છે. એટલે કે ઈશ્વરે પૃથ્વીનું સર્જન કરીને તેના પરની બધી વસ્તુઓનું બિનસાંપ્રદાયિકરણ કર્યું છે. પૃથ્વી પરની બધી વસ્તુઓને ધર્મથી અલગ કરી છે અને માનવીની સ્વરચિત પ્રવૃત્તિઓ માટેનું દ્વારા ખોલી આપ્યું છે, આ સંદર્ભમાં **પીટર** બર્ગરને ટાંકીને **મદન** કહે છે તેમ જૂના કરારમાં બિનસાંપ્રદાયિકતાનું બીજારોપણ થયું છે. જૂના કરારમાં રજૂ થયેલા અમુક વિચારોમાં નૈતિક તાર્કિકરણનું લક્ષણ રહેલું છે.

**(iv) શરીર, આત્મા અને મોક્ષ અંગેની માન્યતા :** ખ્રિસ્તી ધર્મ અનુસાર શરીર પ્રભુનું મંદિર છે. શરીર મૃત્યુ પામે છે એટલે કે શરીર નાશવંત છે.

પરંતુ આત્મા અમર છે. મૃત્યુ પછી સ્વર્ગમાં સુખદ અસ્તિત્વ એટલે મોક્ષ. ઈસુને તારણહાર તરીકે સ્વીકારી તેમના આદેશોને અનુસરનાર સ્વર્ગ પ્રાપ્ત કરે છે. ઈશ્વરરૂપી પિતા પાસે ઈસુ દ્વારા પહોંચી શકાય છે.

**(v) શુદ્ધિ-અશુદ્ધિની માન્યતાઓ :** ખ્રિસ્તી ધર્મમાં શુદ્ધિ-અશુદ્ધિના ખ્યાલો હિંદુ ધર્મથી ભિન્ન છે. ખ્રિસ્તી ધર્મ અનુસાર બહારની કોઈપણ વસ્તુ માણસને અશુદ્ધ કરી શકતી નથી. વ્યક્તિના હૃદયની અને મનની શુદ્ધિ વ્યક્તિને શુદ્ધ કરે છે. ક્ષમાશીલ હૃદય, અંતરાત્માના અવાજ મુજબ વર્તન, ઈશ્વર પ્રાર્થના, ઈશ્વર પ્રેમ વગેરે દ્વારા મન અને હૃદયની શુદ્ધિ પ્રાપ્ત થાય છે.

**(vi) આચારસંહિતા :** ખ્રિસ્તી ધર્મમાં રજૂ થયેલી આચારસંહિતા વિશિષ્ટ સ્વરૂપની છે. તેમાં વિશ્વબંધુત્વનો કેન્દ્રવર્તી વિચાર રજૂ થયો છે, ઈશ્વરને ચાહવાથી અન્ય માનવીઓ માટેનો પ્રેમ પ્રગટે છે. પડોશીઓને પ્રેમ કરો અને બધાં માણસો ઈશ્વરનાં સંતાનો છે. આથી નાતજાતના ભેદભાવ વિના, સ્ત્રી-પુરુષના ભેદભાવ વિના સૌ સાથે પ્રેમપૂર્વકના વ્યવહાર ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. ઈશ્વર પ્રત્યેનો પ્રેમ વિશ્વબંધુત્વનો આદર્શ રજૂ કરે છે. તેમાં **એકતા અને સમાનતાનાં** મૂલ્યો રજૂ થયાં છે. પીડિતો, વંચિતો, ગરીબોની સેવા, તેઓ પ્રત્યે કરુણા, ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આવા લોકોની સેવા કે તેમના પ્રત્યે ભલાઈનાં કાર્યો ઈશ્વર સેવા સમાન છે. ઈશ્વર સ્વર્ગનો રાજા છે અને તે સેવા અને ભલાઈનાં આચરણોનો બદલો આપે છે. બદલાની અપેક્ષા વિના સત્કર્મો કરવા તે પુણ્ય કર્મ છે અને દુરાચરણ કે અંતરાત્માના અવાજથી વિરુદ્ધના વર્તનને પાપ-કર્મ ગણ્યું છે. આમ માનવતાવાદ ખ્રિસ્તી ધર્મનો પાયાનો સિદ્ધાંત છે.

જમણા ગાલ પર તમાચો મારનાર પાસે ડાબો ગાલ આગળ ધરવાનો આદેશ આપી ખ્રિસ્તી ધર્મમાં દુશ્મનને પણ પ્રેમભાવથી જોવાનો આદર્શ આપ્યો છે. સંપ ત્યાં જંપ, દેશસેવા, સર્વની ભલાઈ, સત્યનો સદા જય, પોતાની જાતની સેવા, પ્રામાણિક બનવું. પોતાની જાતને જીતો, ઉદ્યમી બનો અને ઈશ્વરના પ્રેમમાં દૃઢ થવું એ ખ્રિસ્તી આચરણના પાયાનાં નૈતિક મૂલ્યો છે. ખ્રિસ્તી ધર્મ અનુસાર ઈશ્વર અંધજનનું લોચન છે, નિર્બળનું બળ છે, શાંતિનું પરમધામ છે, રોગીનું સ્વાસ્થ્ય છે, પાપીનું પુણ્ય છે અને માનવીનું સર્વસ્વ છે. આમ તેમાં માનવતાવાદ રજૂ થયો છે.

**(vii) ધર્મપ્રસારણ અંગેની માન્યતા :** ઈસુએ તેમના શિષ્યોને ખ્રિસ્તી

ધર્મનો પ્રસાર કરવાનું કાર્ય સોંપ્યું હોવાનું માનવામાં આવે છે. લોકોને ખ્રિસ્તી ધર્મની દીક્ષા આપવાના કાર્યને, વિશ્વમાં પ્રેમ અને ક્ષમાનો સંદેશો ફેલાવવાના કાર્યને, ખ્રિસ્તી ધર્મની આચારસંહિતાનું પાલન કરવાના કાર્યને તેમજ ઈસુની સુવાર્તાઓના પ્રસારને ધર્મપ્રસારણ તરીકે ઓળખાવવામાં આવ્યું છે.

### (5) ઈસ્લામ ધર્મની મુખ્ય માન્યતાઓ :

ઈસ્લામ ધર્મની મુખ્ય માન્યતાઓ નીચે મુજબ છે :

**(i) કુરાન દૈવી રચના હોવાની માન્યતા :** ઈસ્લામ ધર્મનો સ્રોત કુરાન છે. કુરાન ઈશ્વરના શબ્દો છે. કુરાનને દિવ્ય ગ્રંથ માનવામાં આવે છે. મહંમદ પયગંબર છેલ્લા પયગંબર હોવાનું મનાય છે. પયગંબર એટલે માનવી માટે ઈશ્વરનો પેગામ-સંદેશો લઈ આવનાર. આમ, ઈસ્લામમાં મહંમદ પયગંબર અલ્લાહ-ઈશ્વરના સંદેશવાહક છે. ઈશ્વર તરફથી મળેલ સંદેશાને ઝીલીને મહંમદ પયગંબર સાહેબે વર્ણવ્યો છે. એટલે કે કુરાન ઈશ્વરના સંદેશાઓનો સંગ્રહ છે અને તે રજૂ કરનાર હઝરત મહંમદ પયગંબર સાહેબ છે.

**(ii) સૃષ્ટિનો સર્જક ઈશ્વર હોવાની માન્યતા :** ઈસ્લામ ધર્મમાં ઈશ્વરને ખુદા, અલ્લાહ, માલિક તરીકે ઓળખાવ્યા છે. કુરાન આ વિશ્વનો માલિક-ખુદા સકળ સૃષ્ટિનો સર્જક અને સત્તાધિશ છે. ઈશ્વરે માનવીનું સર્જન કર્યું છે અને માનવીને એક પ્રકારની સ્વાયત્તા આપી છે. તેવી માન્યતા રજૂ થઈ છે.

**(iii) જીવન અંગેની માન્યતા :** માણસ અને સૃષ્ટિનો સર્જક ઈશ્વર ઉપાસ્ય છે. ઈશ્વરે માનવીને સ્વાયત્તતા બક્ષીને જે જીવન આપ્યું છે તે જીવન માનવીની કસોટીની મુદત છે. કસોટીની મુદત પૂરી કરીને માનવીએ ઈશ્વર પાસે પાછા જવાનું છે. ઈશ્વર માનવીનાં કર્મો તપાસીને તે કસોટીમાં સફળ થયેલ છે કે નિષ્ફળ ગયેલ છે તે નક્કી કરીને તેને સ્વર્ગ અથવા નર્ક આપશે તેવી માન્યતામાં દૃઢ વિશ્વાસ ઈસ્લામનો મહત્ત્વનો ધાર્મિક નિયમ છે.

**(iv) સ્વર્ગ અને નર્ક અંગેની માન્યતા :** ઈસ્લામ ધર્મમાં સ્વર્ગ(જન્નત) અને નર્ક(દોજખ) અંગેની માન્યતાઓ કુરાનમાં રજૂ થઈ છે. માનવી માટે આ દુનિયા કસોટીની જગ્યા છે. ઈશ્વરના માર્ગદર્શન મુજબનો સાચો રાહ અપનાવીને માનવી સ્વર્ગ પ્રાપ્ત કરી શકે છે. જીવનનો સાચો રાહ અપનાવવાથી દુનિયામાં શાંતિ અને સંતોષ પ્રાપ્ત થશે અને મૃત્યુબાદ કાયમી આરામ અને આનંદ મળશે. કાયમી આરામ અને આનંદનું ઘર એટલે સ્વર્ગ. સાચા રાહથી જુદો હોય તેવો રાહ અપનાવવાથી આ દુનિયામાં સંઘર્ષ અને બેચેની મળશે અને

મૃત્યુ બાદ કાયમી દુઃખ અને મુસીબત મળશે, જેને નર્ક માનવામાં આવ્યું છે.

**(v) માનવી પોતે જ પોતાનો ભાગ્યવિધાતા હોવાની માન્યતા :** માનવીને ઈશ્વરે સ્વાયત્તતા આપી છે. એટલે કે સાચા રાહ પર ચાલવું કે ખોટા રાહ પર ચાલવું તે નક્કી કરવાની ઈશ્વરે માનવીને સ્વતંત્રતા આપી છે. આથી માનવી પોતે જ પોતાનો ભાગ્યવિધાતા છે તેવી દૃઢ માન્યતા ઇસ્લામ ધર્મમાં વ્યક્ત થઈ છે.

**(vi) ઈશ્વરની કૃપા અંગેની માન્યતા :** ઇસ્લામ એટલે "શાંતિમાં પ્રવેશ" અને મુસ્લિમ એટલે ઈશ્વર અને મનુષ્ય સાથે સંપૂર્ણ શાંતિનો સંબંધ રાખનાર વ્યક્તિ. કુરાન માનવી માટે ઈશ્વરી સંદેશાનો ગ્રંથ છે. કુરાનનો હેતુ માનવીને સાચા માર્ગ પર ચાલવાનું માર્ગદર્શન આપવાનો છે. કુરાનમાં સૃષ્ટિ અને માનવીના સર્જન તેમજ ભૌતિક જગતથી પર એવી બાબતો અને પ્રશ્નોની સમજ આપી છે. આવી સમજ આપવા પાછળનો હેતુ માનવીના સર્જનના મૂળભૂત હેતુ વિશે માનવીની ગેરસમજ દૂર કરવાનો અને તેને સાચા રસ્તે ચાલવાનું માર્ગદર્શન આપવાનો હોવાની માન્યતા છે. સાચો રસ્તો એટલે કલમાનું પઠન, નમાજ પઢવી, રોજા કરવા, જકાત અને હજ કરવા. 'કલમા' કુરાનનું ફરમાન છે. નમાજ એટલે પ્રાર્થના, રોજો એટલે દિવસનો ઉપવાસ, જકાત એટલે દાન કરવું, અને હજ એટલે મક્કાની યાત્રા. આવી જીવનરીતિ દ્વારા માનવી ઈશ્વરની કૃપા મેળવી શકે છે તેવી માન્યતા વ્યક્ત થઈ છે.

**(vii) એકેશ્વરવાદ :** કલમા કુરાનનું મૂળ સૂત્ર છે. તે ઇસ્લામનું દીક્ષા વાક્ય છે. તે ઇસ્લામ ધર્મ પ્રત્યેની શ્રદ્ધાને વ્યક્ત કરતું સૂત્ર છે. આ સૂત્રનો અર્થ એવો થાય છે કે અલ્લા સિવાય બીજા કોઈ ઈશ્વર નથી અને મહંમદ સાહેબ તેના પયગંબર છે. ઇસ્લામ ધર્મ અંગીકાર કરવા માટે આ સૂત્રનું ઉચ્ચારણ કરવું જરૂરી માનવામાં આવ્યું છે. આ સૂત્રમાં ઇસ્લામના એકેશ્વરવાદનો ખ્યાલ વ્યક્ત થયો છે. અહીં એવી માન્યતા વ્યક્ત થઈ છે કે ઈશ્વર પોતાના પયગંબર દ્વારા જગતના ઉદ્ધારનું કાર્ય કરે છે. આથી અલ્લાહને મૂકીને પયગંબરની પાસના કરવાનું યોગ્ય નથી. એટલે સર્વોપરી ઈશ્વર કરતાં નિમ્નસ્તર એવા દિવ્ય તત્ત્વની ઉપાસનાનો ઇસ્લામ ધર્મમાં નિષેધ છે.

**(viii) ઈશ્વરના સાક્ષાત્કાર અંગેની માન્યતા :** સૂફીઓએ ઈશ્વરના સાક્ષાત્કાર માટે આધ્યાત્મિક તરીકા ઉપર ભાર મૂક્યો છે. આધ્યાત્મિક તરીકો એટલે પ્રેમ અને પવિત્ર માણસ. સૂફીની મધ્યસ્થી દ્વારા ઈશ્વરનો સાક્ષાત્કાર

થઈ શકે છે. સૂફ એટલે વૈરાગ્ય અને સૂફી શબ્દ રહસ્યવાદી સાધકનું પ્રતીક છે. બીજી રીતે કહીએ તો સૂફી એટલે ભક્ત અને સૂફીવાદ એટલે ભક્તિની પદ્ધતિ કે ઈશ્વરપ્રાપ્તિની રીત. આમ, ભક્તિ દ્વારા ઈશ્વરનો સાક્ષાત્કાર થઈ શકે છે, એવી માન્યતા ઈસ્લામના રહસ્યવાદમાં જોવા મળે છે.

### (6) શીખ ધર્મની મુખ્ય માન્યતાઓ :

ગુરુ નાનકનાં વચનોને સૌ પ્રથમ ગુરુ અંગદે ગુરુમુખી લિપિમાં લખ્યા. ગુરુ નાનક ઉપરાંત અન્ય ગુરુઓના વચનોનું સંકલન અને સંપાદન થયું તે શીખ ધર્મનો ધર્મગ્રંથ બન્યો જે "ગ્રંથસાહેબ' તરીકે ઓળખાય છે શ્રીવાસ્તવે લખ્યું છે તેમ નાનકનાં વચનો, કાવ્યો, પદો વગેરે ગ્રંથસ્વરૂપે આદિગ્રંથ તરીકે પ્રસિદ્ધ થયાં અને તે શીખ ધર્મનું બાઈબલ બન્યું. આ ઉપરાંત ગુરુ અર્જુનદેવની બધી રચનાઓને શીખ લોકો 'દશમ ગ્રંથ' તરીકે ઓળખે છે. આ ધર્મગ્રંથો શીખ ધર્મના અનુયાયીઓ માટે વર્તનવ્યવહારનાં ધોરણાત્મક અને મૂલ્યોની ઢબ બની. આમ ગુરુ નાનકે જે પંથ શરૂ કર્યો તે અન્ય ગુરુઓ દ્વારા શીખ ધર્મ તરીકે વિકાસ પામ્યો.

શીખ ધર્મની કેટલીક મહત્ત્વની માન્યતાઓ નીચે પ્રમાણે દર્શાવી શકાય :

**(i) એકેશ્વરવાદ :** ગુરુ નાનકે એકેશ્વર કે ઈશ્વરની એકતાનો વિચાર રજૂ કર્યો અને મૂર્તિપૂજાનો વિરોધ કર્યો. ઈશ્વર એક જ છે તથા તે સનાતન અને સર્વશક્તિમાન છે, આવા પરમાત્માનું બધાએ નિષ્ઠાપૂર્વક ધ્યાન ધરવું જોઈએ તેમ ગુરુ નાનક ભારપૂર્વક કહેતા.

શીખ ધર્મના મુખ્ય ધર્મગ્રંથ 'ગ્રંથસાહેબ'માં ઈશ્વર માટે અલ્લા, ખુદા, પરબ્રહ્મ, પરમેશ્વર, સતશ્રી અકાલ, હરિ, રામ, ગોવિંદ, ગુરુ વગેરે અનેક નામો છે. આથી જણાશે કે ઈશ્વરને ગમે તે નામે ભજી શકાય, પ્રત્યેક નામ એક જ ઈશ્વરનું સૂચક છે અને આવા ઈશ્વરનું ધ્યાન ધરીને મોક્ષ મેળવી શકાય છે, તે શીખ ધર્મની પાયાની માન્યતા છે.

**(ii) સમાનતા :** શીખ ધર્મનો બીજો મહત્ત્વનો સિદ્ધાંત એ સમાનતાનો સિદ્ધાંત છે. ગુરુ નાનકે સમાનતા ઉપર ભાર મૂક્યો. હિંદુ અને મુસ્લિમ વચ્ચે તેઓ ભેદ જોતા નહોતા. જ્ઞાતિના ભેદભાવનો પણ તેમણે વિરોધ કર્યો હતો અને ઈશ્વર સમક્ષ સૌ સમાન છે, હિંદુ અને મુસ્લિમ વચ્ચે કોઈ ભેદ નથી, તેવો ઉપદેશ આપતા. તેમના શિષ્યોમાં હિંદુઓ અને મુસ્લિમો બન્ને હતા.

(iii) **ગુરુપરંપરા :** શીખ ધર્મમાં ઈશ્વર માટે 'ગુરુ' શબ્દ પ્રયોજાયો છે. આ બાબત દર્શાવે છે કે ઈશ્વરના ઉપાસકોએ હંમેશાં શિષ્ય તરીકેનું જીવન જીવવાનું છે. આવા વિચારે ગુરુ પરંપરા વિકસાવી. શીખ ધર્મમાં ગુરુ નાનકથી માંડીને ગુરુગોવિંદ સુધીના દસ ગુરુઓ થયા છે. આમાં નાનક, અંગદ, અમરદાસ, રામદાસ, અર્જુનદેવ, હરગોવિંદ, હરરામ, હરકૃષ્ણ, તેગબહાદુર અને ગુરુ ગોવિંદનો સમાવેશ થાય છે. આ દરેક ગુરુ તેમના અંત સમયમાં પોતાના આધ્યાત્મિક વારસદારને ગુરુ તરીકે જાહેર કરતા, પરંતુ ગુરુ ગોવિંદસિંહે કોઈ વારસદારને બદલે ગ્રંથને જ ગુરુ તરીકે જાહેર કર્યા અને એવી આજ્ઞા આપી કે હવે કોઈ વ્યક્તિ ગુરુ નહીં થાય. તેમણે આ રીતે **ગ્રંથને જ ગુરુ તરીકે નીમીને ગ્રંથધર્મને ખાલસા ધર્મ તરીકે જાહેર કર્યો.**

(iv) **પંચ કક્કાર :** ગુરુ ગોવિંદે પ્રત્યેક શીખ માટે પાંચ કક્કાર ધારણ કરવાની આજ્ઞા આપી, જેમાં કાંસકી, કચ્છ, કડું, કિરપાણ અને કેશનો સમાવેશ થાય છે. આ દરેક 'ક'થી શરૂ થતા શબ્દો હોવાથી અને તેની સંખ્યા પાંચની હોવાથી તેને પાંચ કક્કાર તરીકે ઓળખાવ્યા છે. આમાં કડું નિયમ અને સંયમનું પ્રતીક છે, જ્યારે કિરપાણ આત્મરક્ષણનું પ્રતીક છે. આ રીતે પંચ **કક્કારનું પ્રતીકાત્મક** મહત્ત્વ છે અને તે પ્રત્યેક શીખ માટે વર્તનપદ્ધતિ બની રહે છે.

➢ **ધાર્મિક માન્યતાઓનું વૈવિધ્ય અને બધાં ધર્મોની આંતરિક એકતા :**

વિશ્વના બધા મુખ્ય ધર્મોના અનુયાયીઓ ભારતમાં વસવાટ કરે છે. વિભિન્ન ધર્મોના અસ્તિત્વને કારણે ભારતીય સમાજ ધાર્મિક વૈવિધ્ય ધરાવે છે. વિભિન્ન ધર્મોની ધાર્મિક શ્રદ્ધાઓ અને માન્યતાઓ પરથી જણાશે કે ભારતમાં ધાર્મિક માન્યતાઓનું વૈવિધ્ય છે. પ્રત્યેક ધર્મના અનુયાયીઓની જીવનશૈલીમાં આ માન્યતાઓનું એક યા બીજી રીતે ઓછે-વધતે અંશે પ્રતિબિંબ પડે છે. ટી.એન. મદન નોંધે છે તેમ ભારતના ધાર્મિક ભાવાવરણની એકંદર વિશિષ્ટતા એ છે કે અહીં ધર્મ સમાજના બધા પાસાને અસર કરે છે. માત્ર ખ્રિસ્તીઓ ધાર્મિક અને બિનસાંપ્રદાયિક ક્ષેત્રોને સૈદ્ધાંતિક રીતે અલગ પાડે છે.

ભારત વિવિધ ધર્મોના લોકોની ધાર્મિક માન્યતાઓ અને માન્યતાઓની અસર નીચે તેમના આચરણોનું વૈવિધ્ય સર્જે છે. અને તે લોકોની ધાર્મિક ઓળખ બની રહે છે. આમ છતાં આ વૈવિધ્ય સહઅસ્તિત્વ ધરાવે છે. હિંદુ અને શીખ વચ્ચે, હિંદુ અને મુસ્લિમ વચ્ચે, હિંદુ અને જૈનો વચ્ચે, હિંદુ અને

બૌદ્ધ વચ્ચે સાંસ્કૃતિક ખાસિયતોની સહલગ્નતા જોવા મળે છે. ભારત વિવિધ ધર્મોના લોકોવાળો દેશ હોવાથી બંધારણમાં બિનસાંપ્રદાયિક નીતિ અપનાવવામાં આવી છે. એટલે કે ભારતનું બંધારણ વિવિધ ધર્મના લોકોના સહઅસ્તિત્વને સ્વીકૃતિ આપે છે. તેમજ તેઓને પોતાની આગવી ઓળખ અને આગવી સંસ્કૃતિ જાળવી રાખવાની અને તેમનો ધર્મ પાળવાની અનુમતિ આપે છે. ભારતમાં બિનસાંપ્રદાયિક નીતિનો મુખ્ય હેતુ ધાર્મિક વિવાદો ઘટાડવાનો અને ધર્મોની એકતા સિદ્ધ કરવાનો છે.

**રાજા રામમોહન રોય** વિભિન્ન ધર્મોનો તુલનાત્મક અભ્યાસ કરીને એવા તારણ ઉપર આવ્યાં હતાં કે ધાર્મિક વૈવિધ્યમાં મૂળભૂત એકતા રહેલી છે. **સ્વામી વિવેકાનંદે** કહ્યું છે કે વિભિન્ન ધર્મો એક જ ધ્યેય ધરાવે છે. દરેક ધર્મમાં એકસરખું સત્ય જોવા મળે છે અને દરેક ધર્મે સારા ધર્મપુરુષે આપ્યાં છે. દરેક ધર્મની દંતકથા અને વિધિવિધાનમાં તફાવત હોય પરંતુ બધા ધર્મોના તત્ત્વજ્ઞાન અને આદર્શોમાં મૂળભૂત એકતા રહેલી છે એ તે જ વધુ મહત્ત્વનું તત્ત્વ છે.

બધાં ધર્મોની આંતરિક એકતાનું વર્ણન કરતાં **ઉદયશંકર** નોંધે છે કે માનવીમાં ધાર્મિક અનુભવની મૂળભૂત જરૂરિયાત રહેલી છે. માનવીમાં પોતાનાથી ઉચ્ચ એવી અલૌકિક શક્તિની શરણાગતિ સ્વીકારવાની ઇચ્છા રહેલી છે અને તેમાં તે શાંતિ, સલામતી અને સંતોષ અનુભવે છે. ઉચ્ચ શક્તિ સમક્ષ હૃદય ખોલવાની અને તેના સાન્નિધ્યમાં રહેવાની માનવીમાં પ્રબળ ઇચ્છા રહેલી છે. માનવી આ ઉચ્ચ શક્તિ સાથે તદ્રૂપ થઈને પોતાનું ઉર્ધ્વગમન કરવા ઇચ્છે છે. આવો ધાર્મિક અનુભવ બધા ધર્મોનું હાર્દ છે અને તે જ બધા ધર્મોની આંતરિક એકતા છે.

## ક. ધર્મનાં કાર્યો

## (Functions of Religion)

ધર્મ એક સામાજિક સંસ્થા તરીકે વ્યક્તિ અને સમાજ માટે નીચેનાં કાર્યો કરે છે :

**(1) ધર્મ વ્યક્તિને તેની ઓળખમાં સહાયક બને છે :** દરેક ધર્મને તેનાં પવિત્ર પ્રતીકો હોય છે. આ પ્રતીક વ્યક્તિની સામાજિક ઓળખ શક્ય બનાવે છે. જેમ કે કડુ, કીરપાણ, કેશ, કાંસકી અને કચ્છ શીખ ધર્મનાં

ધાર્મિક પ્રતીકો છે. પ્રત્યેક શીખ માટે આ પ્રતીકો ધારણ કરવાના હોય છે. આ પ્રતીકો દ્વારા તેની ધાર્મિક-સામાજિક ઓળખ અને તાદાત્મ્યની ભાવના પૂરી પાડીને વ્યક્તિને તેના ધાર્મિક જૂથ સાથે જોડે છે. આવી ઓળખની ભાવના જુદા જુદા તબક્કે વિકસે છે. એક તો, વ્યક્તિ તેના ધર્મનાં મૂલ્યો અને ધ્યેયો સાથે તાદાત્મ્ય કેળવે છે. બીજું, પોતાના સમાનધર્મી સાથે સમાનતાની ભાવના કેળવી ધાર્મિક મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધતા વિકસાવે છે. ત્રીજું, ડેવિસ કહે છે તેમ ધર્મ વ્યક્તિને તેના ભૂતકાળ અને ભવિષ્ય સાથે તાદાત્મ્ય કેળવવામાં સહાયક બને છે. વ્યક્તિ તેના સ્વનું વિસ્તૃતીકરણ કરવામાં સૃષ્ટિને મહત્ત્વની ગણવા લાગે છે.

**(2) ધર્મ વ્યક્તિની તંગદિલીનું નિવારણ કરે છે :** વ્યક્તિ કટોકટીની પળોમાં કે મુશ્કેલીમાં તંગદિલી અનુભવે છે. તેના ધ્યેયપ્રાપ્તિના માર્ગમાં અવરોધો આવે છે કે ધ્યેયપ્રાપ્તિ અશક્ય લાગે છે ત્યારે તે તેની શ્રદ્ધા અનુસારની અલૌકિક શક્તિની શરણાગતિ સ્વીકારે છે, પૂજા-આરાધના, વિધિવિધાન, પ્રાર્થનાનો આશ્રય લે છે. અહીં ધર્મ વ્યક્તિને તેની કટોકટીની પળોમાં ભાવાત્મક ટેકો પૂરો પાડી તેની તંગદિલીને હળવી બનાવે છે. તંગદિલીની પરિસ્થિતિમાં વ્યક્તિ માટે તેની સામાજિક ભૂમિકા ભજવવાનું મુશ્કેલ બને છે અથવા ભજવી શકતી નથી. આવા સંજોગોમાં વ્યક્તિ ધર્મના આશ્રયે ભાવાત્મક ટેકો મેળવે છે. ત્યારે તેની તંગદિલી હળવી બને છે. સ્વજનનું અવસાન કે એવી બીજી કોઈ અસહ્ય ઘટના કે પરાજયના પ્રસંગોએ ધર્મ વ્યક્તિને આવી ઘટનાઓનું અર્થપ્રદાન કરે છે અને વ્યક્તિને જીવનના સંઘર્ષમાં ટકી રહેવાનું બળ પૂરું પાડે છે. નિષ્ફળતાનું તાર્કિકીકરણ પૂરું પાડે છે. બીજી કોઈ રીતે જે ઘટનાનું સ્પષ્ટીકરણ આપી શકાય તેમ ન હોય તેવી ઘટનાઓનું સ્પષ્ટીકરણ પૂરું પાડી ધર્મ વ્યક્તિને દિલાસો કે આશ્વાસન પૂરું પાડે છે અને ભાવાત્મક આપત્તિ સામે વ્યક્તિને રક્ષણ પૂરું પાડે છે.

**(3) ધર્મ વ્યક્તિમત્તાનું સુગ્રથન કરે છે :** ધર્મ અને વ્યક્તિત્વ વચ્ચેનો સંબંધ સમજાવતાં કિંગ્સલે ડેવિસ જણાવે છે કે, ધર્મ માત્ર સમાજનું જ નહીં પણ વ્યક્તિત્વનું સુગ્રથન કરવામાં પણ મદદ કરે છે. આ ઘટનાને સમજાવતાં ડેવિસ જણાવે છે કે માનવમન મોટેભાગે સામાજિક પેદાશ છે. માનવમન અન્ય વ્યક્તિઓ સાથેની આંતરક્રિયાઓ દ્વારા ધ્યેયોને પામવા પ્રયત્નશીલ રહે છે. મુક્તિ, દૈવીકૃપા અને અમરત્વ જેવાં ધર્મનાં ધ્યેયોનું વ્યક્તિમાં આંતરીકરણ

થાય છે. આ ઉપરાંત વ્યક્તિને પોતાના સામાજિક જીવનમાં પણ અનેક ધ્યેયો હાંસલ કરવાનાં હોય છે. પણ વ્યક્તિ જ્યારે પોતાનાં સામાજિક ધ્યેયોને સિદ્ધ કરી શકતી નથી, ત્યારે તેનામાં હતાશા, નિરાશા અને આક્રમક વૃત્તિઓ જાગે છે. ધર્મ આ વૃત્તિઓનું નિયંત્રણ કરીને વ્યક્તિને માનસિક રીતે સમાધાનની ભૂમિકા પૂરી પાડે છે. દા.ત., આપણે અમુક ધ્યેયની સિદ્ધિમાં નિષ્ફળ જઈએ છીએ ત્યારે મનોમન વિચારતા હોઈએ છીએ-હશે, જેમ બનવાનું હતું તેમ બન્યું, ઈશ્વરની એવી જ ઈચ્છા હશે. આપણા નસીબમાં નહીં હોય; ઈશ્વર જે કરે છે તે સારા માટે જ કરે છે; વગેરે સમાધાનો શોધીને આપણે નિરાશા અને હતાશાની લાગણીમાંથી મુક્ત થઈએ છીએ. વ્યક્તિને પોતાની અનેકવિધ જરૂરિયાતોના સંદર્ભમાં અનેકવિધ ધ્યેયો હોય છે પણ સામાજિક અને વ્યક્તિગત મર્યાદાઓને કારણે વ્યક્તિ બધાં જ ધ્યેયો હાંસલ કરી શકતી નથી. ધ્યેય-નિષ્ફળતા માનસિક ઉદ્વેગ ઉત્પન્ન કરી વ્યક્તિત્વને છિન્નભિન્ન કરે છે. આ સમયે ધર્મ વ્યક્તિની મદદે આવી તેના વ્યક્તિત્વને છિન્નભિન્ન થતું બચાવે છે. આમ ધર્મ દિલગીરી અને ભયમાંથી વ્યક્તિને મુક્ત કરી તેના વ્યક્તિત્વના સુગ્રથનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

**(4) ધર્મ સામાજિક એકતાનું સર્જન કરે છે :** દુર્ખેમના મતે ધર્મનું મુખ્ય કાર્ય સામાજિક એકતાનું સર્જન કરવાનું, સમાજને ટકાવી રાખવાનું અને સમાજને મજબૂત કરવાનું છે. આથી જ્યાં સુધી સમાજનું અસ્તિત્વ હશે ત્યાં સુધી ધર્મ પણ રહેશે. સમાજ અને ઈશ્વર એ બંને પવિત્ર ભાવનાઓને પ્રેરણા આપે છે. બંને નૈતિક સત્તા ધરાવે છે અને વ્યક્તિને નિષ્ઠા, આત્મબલિદાન અને ત્યાગની પ્રેરણા આપે છે. વ્યક્તિ પોતાનાથી બાહ્ય એવી કોઈ નૈતિક સત્તા ઉપર અવલંબન રાખે છે તેનાથી તે સમાજના સભ્ય તરીકે અને સમાજ સાથે પોતાની જાતની એકતાનો અનુભવ કરે છે.

પ્રત્યેક સમાજે ટકી રહેવા માટે પોતાની અનેક જરૂરિયાતો સંતોષવાની હોય છે. આ પૈકીની એક મહત્ત્વની જરૂરિયાત 'સામાજિક એકતા' ઊભી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ અર્થમાં જોઈએ તો જણાશે કે ધર્મ સામાજિક સંસ્થા છે. સમાનધર્મી લોકોનાં સામાજિક જૂથો રચાય છે, કથાકીર્તન, ભજનો, સમૂહપૂજા અને અન્ય ધાર્મિક ઉત્સવો પર એકત્ર થયેલા લોકોમાં નિકટતા અને સામાજિક જવાબદારીની ભાવના વિકસે છે. 'અમે' પણાની આ ભાવના સમાનધર્મી લોકોને એક તાંતણે બાંધવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

જોહ્નસન જણાવે છે કે સર્વસામાન્ય મૂલ્યોના પ્રસ્થાપન દ્વારા ધર્મ સામાજિક એકતામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. જોકે, જોહ્નસન એ પણ જણાવે છે કે સામાજિક એકતામાં ધર્મ માત્ર એક જ પરિબળ નથી, પણ અનેક પરિબળોમાંનું તે એક મહત્ત્વનું પરિબળ છે. ઉદાહરણ આપીને જોહ્નસન નોંધે છે કે, ખ્રિસ્તી ધર્મની દસ આજ્ઞાઓ ધાર્મિક હોવાની સાથે સાથે નૈતિક અને સામાજિક પણ છે. દા.ત., 'ચોરી ન કરવી' એ આજ્ઞાનું સ્વરૂપ નૈતિક અને સામાજિક પણ છે. નીતિ અને સમાજનાં ધોરણો પણ ચોરી કરવાનો પ્રતિબંધ ફરમાવે છે. ચોરી ન કરવાની આજ્ઞા આપીને ધર્મ એમ સૂચવે છે કે, "સમાજે માન્ય કરેલા મિલકતના અધિકારોને માન આપો." આ રીતે ધર્મની આજ્ઞા મિલકતની સંસ્થાને ટેકો આપે છે. આ જ રીતે જૈન ધર્મના નિયમો જેવા કે, "હિંસા ન કરવી", "ચોરી ન કરવી", "અસત્ય ન બોલાવું" વગેરે સમાજને ટકાવી રાખતાં સામાજિક ધોરણોને જ ટેકો આપે છે. આમ ધર્મ જે મૂલ્યો અને નિયમો આપે છે તે સામાજિક એકતાને પોષણ આપે છે.

ધર્મ તેના અનુયાયીઓને સામાજિક આંતરક્રિયાનું કેન્દ્ર પૂરું પાડે છે. પ્રાર્થના સ્થળો, ધાર્મિક તહેવારો અને ઉત્સવો, યાત્રાધામો વગેરે સામાજિક સંબંધોનું વિસ્તૃતીકરણ કરે છે. અનુયાયીઓ વચ્ચે સમાનધર્મી તરીકેની ભાવના વિકસાવે છે તેમજ તેઓમાં નિકટતા અને સામાજિક જવાબદારીની ભાવના કેળવીને સમાજને સુદૃઢ બનાવે છે. જોહ્નસન નોંધે છે તેમ, સમાન મૂલ્યોના પ્રસ્થાપન દ્વારા ધર્મ, સામાજિક એકતામાં મહત્ત્વનો ફાળો આપે છે.

**(5) ધર્મ સામાજિક નિયંત્રણનું કાર્ય કરે છે :** ધર્મ માનવી અને માનવી વચ્ચેના તેમજ માનવી અને અલૌકિક શક્તિ વચ્ચેના સંબંધો અંગેના નિયમો પૂરા પાડે છે. ઈશ્વરના પ્રતિનિધિરૂપ મનાયેલા વ્યક્તિ, જૂથ કે સંગઠનમાંથી માનવજીવન માટેના નિયમો અને નિષેધો વિકસે છે. આ નિયમો ધાર્મિક નિયમાવલિઓ કે આચારસંહિતા તરીકે ઓળખાય છે. આ આચારસંહિતા ઈશ્વરપ્રેરિત કે અલૌકિક શક્તિ પ્રેરિત છે તેમ મનાય છે અને ઈશ્વર કે અલૌકિક શક્તિના કોપની બીકથી તેનું પાલન થાય છે. ધાર્મિક સંગઠનો, ધર્મસ્થળો, ધર્મગ્રંથો, અને ધાર્મિક ભૂમિકાઓ આ આચારસંહિતાના વાહક અને સંચાલક તરીકે કાર્ય કરે છે. આચારસંહિતાનું ઘડતર કરતા અને તેનું પાલન કરાવતા તેમજ તેનું ઉલ્લંઘન કરનારને ઈશ્વરી દંડ આપનાર ધાર્મિક સત્તાધારીઓ સંપ્રદાય તરીકે કાર્ય કરે છે. આચારસંહિતાનું પાલન કે ઉલ્લંઘન પુણ્ય અને

પાપની ભાવના વિકસાવે છે. પુણ્ય એટલે દિવ્ય તત્ત્વને માન્ય વર્તન અને પાપ એટલે દિવ્યતત્ત્વની વિરુદ્ધનું વર્તન. પાપ અને પુણ્યના આ ખ્યાલો મૂલ્યાંકનના માપદંડ છે. **સ્પેલસર** નોંધે છે તેમ ધર્મ માનવી ઉપર બાહ્ય અને આંતરિક એમ બંને સ્વરૂપે નિયંત્રણો મૂકે છે.

**જોહ્‌નસન** નોંધે છે કે ધર્મ મૂલ્યોનું નિર્માણ કરે છે, તેનું પ્રસ્થાપન કરે છે અને તેને પવિત્રતા પ્રદાન કરી તેનું પાલન કરાવે છે.

ધાર્મિક માન્યતાઓ, મૂલ્યો અને નિયમોનું સિદ્ધાંતીકરણ અને આદતીકરણ ધાર્મિક વિધિવિધાન, પૂજા-અર્ચન, પ્રાર્થના વગેરે દ્વારા થાય છે. વ્યક્તિના જીવનમાં બાળપણથી જ ધાર્મિક માન્યતાઓનું સિંચન કરવામાં આવતું હોય છે, તેમજ ધાર્મિક શ્રદ્ધાઓનું ઘડતર કરવામાં આવતું હોય છે. આ રીતે સિદ્ધાંતીકરણ અને આદતીકરણની પ્રક્રિયા પવિત્ર અને અપવિત્ર તથા ઈચ્છનીય અને અનિચ્છનીય વર્તન વચ્ચેનો ભેદ પાડી પવિત્ર અને ઇચ્છનીય વર્તન માટે વ્યક્તિને દોરે છે. આથી ધાર્મિક નિયમોનું પાલન શક્ય બને છે.

ધર્મ માનવી-માનવી વચ્ચેના સંબંધોને પરિભાષિત કરે છે. એટલું જ નહીં પણ માનવી અને દિવ્યશક્તિ સાથે પણ સંબંધ જોડી આપે છે. આ દિવ્યશક્તિના ભયને સામાજિક નિયંત્રણ પાછળના પીઠબળ તરીકે ઉપયોગમાં લેવાય છે. ઈશ્વરી કોપ, મૃત્યુ પછીના નર્કની ભયાનકતા તરીકે અગમ્ય સ્વરૂપે આ ભય વ્યક્ત થતો હોય છે. ધર્મના નિયમોના પાલનની પાછળ આવી અલૌકિક સત્તા મહત્ત્વનો ભાગ ભજવે છે. એ જ રીતે ઈશ્વરની કૃપા મેળવવાની ઈચ્છા કે મોક્ષપ્રાપ્તિની ઈચ્છા પણ માનવીને ધર્મના નિયમોના પાલન તરફ દોરી જાય છે.

ધર્મ કોઈ ચમત્કાર, દિવ્ય, અલૌકિક શક્તિ તરફ માનવીને દોરે છે અને માનવીને દિવ્યશક્તિને આધીન થવા કે અનુકૂળ થવા પ્રેરે છે. આ ઘટના સમાજનાં ધોરણો અને મૂલ્યોની દિશામાં લોકોના વર્તનને ઘડે છે. પરિણામે સમાજને ટકાવી રાખવામાં ધર્મ મદદરૂપ થાય છે.

સામાજિક નિયંત્રણનું કાર્ય સામાજિક એકતાને ટકાવી રાખવાનું છે. ધાર્મિક માન્યતાઓ વ્યક્તિનાં રોજબરોજનાં વર્તનો ઉપર અસર કરે છે. ધર્મવિરોધી વર્તન કરતાં વ્યક્તિ અચકાય છે, કારણ કે ધર્મનાં મૂલ્યો વ્યક્તિત્વના ભાગરૂપે બની ગયેલાં હોય છે. ધર્મ પવિત્ર અને અપવિત્ર તથા યોગ્ય અને અયોગ્ય

આચરણોને જુદાં પાડી પવિત્ર અને યોગ્ય આચરણ કરવા માટે વ્યક્તિને ઉત્તેજન આપે છે. પુણ્ય અને સ્વર્ગ જેવી આકર્ષક અને પાપ તથા નર્ક જેવી ભયાનક સજાઓની કલ્પના વ્યક્તિને ધર્મનાં ધોરણોનું પાલન કરવા બાધ્ય કરે છે. ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ વ્યક્તિ ધર્મને અનુસરે છે. આમ ધર્મ મૂલ્યોના પ્રસ્થાપન દ્વારા વર્તનની ઢબ ઊભી કરે છે. ધર્મપ્રસ્થાપિત આ વર્તનપ્રણાલી સામાજિક નિયંત્રણનું કાર્ય કરે છે.

ડેવિસ અને મૂરેને ટાંકીને મર્ટન ધર્મની આવશ્યકતાના કારણ અંગે નોંધે છે કે કેટલાંક સર્વસામાન્ય અંતિમ મૂલ્યો અને ધ્યેયો દ્વારા માનવસમાજ તેની એકતા પ્રાપ્ત કરે છે તેમાં હકીકતમાં ધર્મની આવશ્યકતા દેખાઈ આવે છે. જોકે, આ મૂલ્યો અને ધ્યેયો આત્મલક્ષી છે પણ તે વર્તન ઉપર અસર કરે છે. આ મૂલ્યો અને ધ્યેયોનું સુગ્રથન સમાજને એક વ્યવસ્થા તરીકે કામ કરવા શક્તિમાન બનાવે છે. બિનસાંપ્રદાયિક સમાજમાં પણ ધર્મની આવશ્યકતા રહેલી છે.

**(6) સામાજિક રચનાતંત્રનું ઘડતર કરવાનું કાર્ય :** વ્યક્તિ અને રચનાતંત્ર વચ્ચે થતી અવિરત આંતરક્રિયાની પ્રક્રિયામાં લઘુરચનાતંત્રો અને બૃહદ રચનાતંત્રોનું ઘડતર અને વિસ્તરણ થાય છે. આ પ્રક્રિયાને સામાજિક રચનાતંત્રનું ઘડતર કહેવાય. સ્મેલ્સર નોંધે છે કે ધર્મ સામાજિક રચનાતંત્રના ઘડતરનું કાર્ય કરે છે. ઘણીવાર ધર્મ બિનધાર્મિક સામાજિક રચનાતંત્રોને અનુમોદન આપવાનું કાર્ય કરે છે. કેટલીકવાર ધર્મ રચનાતંત્રના ઘડતરનો સિદ્ધાંત પૂરો પાડે છે. સ્મેલ્સર કહે છે કે ધર્મના આ કાર્યનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ભારતની પરંપરાગત જ્ઞાતિવ્યવસ્થા છે. ભારતમાં જ્ઞાતિ જેવાં રચનાતંત્રોને ધર્મે અનુમોદન આપ્યું છે તેમજ જ્ઞાતિકોટિક્રમનો સિદ્ધાંત પૂરો પાડ્યો છે. ચાર વર્ણોની વ્યવસ્થાને ધર્મનું અનુમોદન મળ્યું હતું. મધ્યયુગમાં જ્ઞાતિને દૈવી સંસ્થા માનવામાં આવી હતી. કર્મના સિદ્ધાંતે અને શુદ્ધિ-અશુદ્ધિ કે પવિત્ર-અપવિત્ર અંગેના ખ્યાલે જ્ઞાતિકોટિક્રનો સિદ્ધાંત પૂરો પાડ્યો છે. આમ ધર્મે જ્ઞાતિ જેવા રચનાતંત્રના ઘડતરનું કાર્ય કર્યું છે. અમેરિકાના સમાજને અનુલક્ષીને ધર્મના આ કાર્યનું બીજું દૃષ્ટાંત આપતાં તેઓ નોંધે છે કે કેટલાક સમાજશાસ્ત્રીઓના મતે અમેરિકન સમાજમાં ત્રણ મુખ્ય ધાર્મિક જૂથો વિકસી રહ્યાં છે અને તે વર્ગના પાયાના બદલે ધર્મના પાયા ઉપર વ્યક્તિનો દરજ્જો નક્કી કરવામાં વધુ મહત્ત્વનાં બની રહ્યાં છે. આમ, ધર્મ સામાજિક રચનાતંત્રના ઘડતરનું કાર્ય

કરે છે.

**(7) સામાજિક કલ્યાણ પ્રવૃત્તિઓનું કાર્ય :** આધુનિક સમયમાં વિભિન્ન ધાર્મિક સંગઠનો અને સંપ્રદાયો તેમનાં ધાર્મિક કાર્યો ઉપરાંત સામાજિક કલ્યાણ પ્રવૃત્તિઓ પણ કરે છે. માનવસેવા માટે સમર્પિત સામાજિક સંસ્થાનું પાસું પણ ધર્મમાં વિકસી રહ્યું છે. ધરતીકંપ, રોગચાળો, અતિપૂર, વાવાઝોડું, દુષ્કાળ જેવી કુદરતી આફતોમાં કેટલાંક ધર્મસંગઠનો કે સંપ્રદાયો અસરગ્રસ્તોને વિભિન્ન પ્રકારની રાહત પહોંચાડવાનું કાર્ય કરે છે. કેટલાંક ધાર્મિક સંગઠનો અને સંપ્રદાયો અનાથાશ્રમ, હૉસ્પિટલ, શાળા-મહાશાળાના સંચાલન દ્વારા બિનસાંપ્રદાયિક કહેવાય તેવી સામાજિક કલ્યાણ પ્રવૃત્તિઓ કરે છે. શિક્ષિત લોકોમાં એવી લાગણી પણ વિકસી રહી છે કે ધાર્મિક સંગઠનોએ તેમની સંપત્તિ લોકકલ્યાણ અર્થે ઉપયોગમાં લાવવી જોઈએ.

## ડ. ધર્મના વિકાર્યો

## (Dysfunction of Religion)

ધર્મ વિભિન્ન સામાજિક કાર્યો કરે છે તેની સાથોસાથ આધુનિક સમયમાં ધર્મનાં કેટલાંક વિકાર્યો પણ લક્ષમાં લેવાં જરૂરી છે. આ વિકાર્યો નીચે મુજબ છે :

**(1) ધાર્મિક સમૂહો વચ્ચે સંઘર્ષ :** મર્ટન નોંધે છે કે એક જ સમાજમાં જ્યારે વિભિન્ન ધાર્મિક જૂથો સહઅસ્તિત્વ ધરાવતાં હોય છે ત્યારે કેટલીકવાર અમુક ધાર્મિક જૂથો વચ્ચે સંઘર્ષ થાય છે. યુરોપના સમાજોમાં ધાર્મિક સંઘર્ષો ઉપર વિપુલ સાહિત્ય જોતાં આ તથ્ય સ્પષ્ટ થાય છે. ઘણાં વર્તમાન સમાજોમાં ધર્મો અને સંપ્રદાયોની વિવિધતાને લીધે ધાર્મિક જૂથો વચ્ચે સંઘર્ષો પેદા થાય છે, પરિણામે સમાજમાં પ્રસંગોપાત એકતાને બદલે વિઘટન પેદા થવા પામે છે.

જુદી જુદી અને વિરોધાભાસી માન્યતાઓ ધરાવતા વિવિધ ધાર્મિક સમૂહો વચ્ચેના સંઘર્ષો રોજબરોજની જાણીતી ઘટના છે. ધર્મ દ્વારા ભિન્ન ભિન્ન સંસ્કૃતિ અસ્તિત્વમાં આવે છે અને આ સાંસ્કૃતિક તફાવતો પારસ્પરિક સંઘર્ષની ઘટનાને જન્મ આપે છે તે હકીકત ભારતના હિંદુ-મુસલમાન ધાર્મિક સમૂહોના સંદર્ભમાં જોઈશું તો સ્પષ્ટ જણાશે. ધર્મના નામે પુષ્કળ લોહી રેડાયું છે અને માનવજાતે ઘણી યાતનાઓ ભોગવી છે એ વાતની ઈતિહાસ સાક્ષી પૂરે છે. જોકે, કેટલાક

વિદ્વાનો એમ માને છે કે, સામાજિક સંઘર્ષનું કારણ ધર્મ નથી, કારણ કે જગતના બધા જ ધર્મો ભાઈચારો અને માનવબંધુત્વનો જ ઉપદેશ આપે છે, પણ ધર્મ જ્યારે કેટલીક સ્વાર્થી અને તકસાધુ વ્યક્તિઓના હાથમાં જઈ પડે છે ત્યારે તે વિકૃત સ્વરૂપે બહાર આવે છે અને તેના પરિણામે સામાજિક સંઘર્ષો અને દુશ્મનાવટની ઘટના ઉદ્ભવે છે. આમ છતાં, ધર્મના નામે અનેક યુદ્ધો ખેલાયાં છે અને માનવજાતે તેનાં ભયંકર પરિણામો ભોગવ્યાં છે એનો કોઈ ઈન્કાર થઈ શકે તેમ નથી.

**(2) સામાજિક પરિવર્તનમાં અવરોધ :** ધર્મ વધુ રૂઢિચુસ્ત હોય છે. તે બદલાતી પરિસ્થિતિને અનુકૂળ થવા નીતિના ખ્યાલો સાથે સંઘર્ષમાં આવે છે. આથી તે સામાજિક પરિવર્તનમાં અવરોધક બને છે.

ધર્મ રૂઢિવાદી વલણ વિકસાવે છે, પરિણામે સામાજિક પરિવર્તનની ગતિ અવરોધાય છે. નવી શોધખોળો અને નવી વિચારસરણીનો સ્વીકાર સામાજિક પરિવર્તન તરફ દોરે છે, જ્યારે રૂઢિ અને ભાગ્યાધીન વલણ સામાજિક પરિવર્તનોની ઘટનાને અવરોધે છે. ધર્મના પ્રભુત્વવાળા સમાજમાં આ કારણથી સામાજિક પરિવર્તન મંદ ગતિએ આવે છે. ભારતના ગ્રામ સમાજમાં સામાજિક પરિવર્તનની ઝડપ મંદ જણાય છે તેના કારણમાં ગામડાંનું ધર્માભિમુખ અને રૂઢિવાદી વલણ પણ કારણભૂત જણાય છે. વિજ્ઞાનનો વિકાસ સામાજિક પરિવર્તનને ઉત્તેજન આપે છે. ધર્મ વિજ્ઞાનના વિકાસને અને બુદ્ધિવાદને અવરોધે છે, પરિણામે સામાજિક પરિવર્તન પણ અવરોધાય છે.

❖ ❖ ❖

પ્રકરણ 2

# જ્ઞાતિ સંસ્થા
# (Caste Institution)


- પરિચય

અ. જ્ઞાતિનો અર્થ અને લક્ષણો
 1. જ્ઞાતિનો અર્થ
 2. જ્ઞાતિનાં લક્ષણો

બ. વર્ણ અને જ્ઞાતિ
 (1) વર્ણનો અર્થ
 (2) વર્ણ અને જ્ઞાતિ વચ્ચે તફાવત

ક. જ્ઞાતિવાદ અર્થ અને કારણો
 (1) જ્ઞાતિવાદનો અર્થ
 (2) જ્ઞાતિવાદનાં કારણો

ડ. જ્ઞાતિવાદના પરિણામો અને ઉકેલો
 1. જ્ઞાતિવાદના પરિણામો
 2. જ્ઞાતિવાદના ઉકેલો


## 1. પરિચય

જ્ઞાતિ સંસ્થા ભારતીય સમાજની એક અદ્વિતીય ઘટના છે. પ્રાચીનકાળથી ભારતની તે એક પાયાની વ્યવસ્થા છે. આજે પણ એક મહત્ત્વના સામાજિક બળ તરીકે ભારતીય સમાજજીવનનાં વિવિધ ક્ષેત્રોમાં એક યા બીજી રીતે જ્ઞાતિનો પ્રભાવ જોવા મળે છે. "જ્ઞાતિને મળતી સામાજિક સંસ્થાઓ હિંદની બહાર દુનિયામાં બીજે પણ મળવી મુશ્કેલ નથી, તેમ છતાં જ્ઞાતિનો પૂરેપૂરો અર્થ જેમાં સમાયેલો છે એવી જ્ઞાતિ સંસ્થા, મતલબ કે આપણે હિંદુસ્તાનમાં જોઈએ છીએ એવી જ્ઞાતિ, એ તો કેવળ હિંદની જ અનેરી ખાસિયત છે."

ભારતીય ઈતિહાસના વિભિન્ન યુગો દરમિયાન જ્ઞાતિપ્રથાએ વિવિધ સ્વરૂપો ધારણ કર્યાં છે અને તેમાં કેટલાંક પરિવર્તનો પણ આવ્યાં છે, આમ છતાં જ્ઞાતિ સંસ્થાએ તેનું મૂળભૂત સ્વરૂપ આજે પણ ટકાવી રાખ્યું છે. આ સંસ્થાની એક

નોંધપાત્ર વિશિષ્ટતા એ રહી છે કે બદલાતી પરિસ્થિતિ સાથે તે અનુકૂલન સાધી લેતી હોવાથી તેમાં પરિવર્તન આવતું હોવા છતાં તે પોતાનું મૂળભૂત અસ્તિત્વ ટકાવી રાખે છે. તેમાં તેનું કાર્યાત્મક મહત્ત્વ વ્યક્ત થાય છે.

**એ. એમ. શાહ** નોંધે છે તેમ જ્ઞાતિવ્યવસ્થા એટલી બધી જટિલ છે કે તેના ભાગરૂપ જ્ઞાતિ એકમોની ચોક્કસ વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. જ્ઞાતિની ચોક્કસ વ્યાખ્યા આપવાનો પ્રયત્ન સફળ થાય તેમ નથી, તેમ તે ઉપયોગી થાય તેમ નથી. જ્ઞાતિ-વ્યવસ્થા ખંડવિભાજન અને કોટિક્રમ એમ બે સિદ્ધાંતો દ્વારા નિયંત્રિત થાય છે. **ખંડવિભાજનનો** સિદ્ધાંત હિંદુ સમાજનું અસંખ્ય જૂથો અને પેટાજૂથોમાં વિભાજન સૂચવે છે. **કોટિક્રમનો** સિદ્ધાંત આ જૂથ વિભાજનોની ઊંચા અને નીચા ક્રમમાં ગોઠવણી સૂચવે છે. વિભિન્ન જ્ઞાતિ જૂથો વચ્ચેના કોટિક્રમિક સંબંધોને ઊભા સંબંધો તરીકે અને જ્ઞાતિ જૂથોને આડા એકમો તરીકે વર્ણવવામાં આવે છે. આ રીતે જ્ઞાતિવ્યવસ્થાને ઊભાં અને આડાં એમ બે પાસાં છે. આ બંને સિદ્ધાંતોની સાપેક્ષ શક્તિ દેશકાળ અનુસાર બદલાતી રહે છે. આધુનિક સમયમાં ખંડ વિભાજનની શક્તિ વધી છે. જ્યારે કોટિક્રમના સિદ્ધાંતની શક્તિ ઘટી છે. ભારતનાં નગરો અને શહેરોમાં કોટિક્રમના સિદ્ધાંત કરતા ખંડ વિભાજનનો સિદ્ધાંત વધુ શક્તિશાળી છે.

## 2. જ્ઞાતિનો અર્થ
## (Meaning of Caste)

**કારન્થના** મતે સમકાલીન જ્ઞાતિના વિશ્લેષણ માટે ભૂતકાળની જ્ઞાતિ સંસ્થા અંગેની સમજ જરૂરી છે. આ દૃષ્ટિએ તેઓ **શ્રીનિવાસે** આપેલી જ્ઞાતિની વ્યાખ્યા ટાંકતાં નોંધે છે તેમ "જ્ઞાતિ એ વંશાનુગત, અંતર્વિવાહી, કોઈ એક વ્યવસાય સાથે પરંપરાગત સંબંધ ધરાવતું અને જ્ઞાતિઓના કોટિક્રમમાં નિશ્ચિત સ્થાન ધરાવતું સામાન્ય રીતે સ્થાનિક જૂથ છે. જ્ઞાતિઓ વચ્ચેના સંબંધો શુદ્ધિ અને અશુદ્ધિના ખ્યાલો વડે નિયંત્રિત થાય છે અને સહભોજિતા સામાન્ય રીતે જ્ઞાતિમાં જ થાય છે." આ વ્યાખ્યા અનુસાર જ્ઞાતિનું સભ્યપદ જન્મથી મળે છે. જ્ઞાતિ અંતર્લગ્ન પ્રથા ધરાવતું જૂથ છે. દરેક જ્ઞાતિના સભ્યો પરંપરાથી અમુક વ્યવસાય કે ધંધાને અનુસરે છે. સ્થાનિક કોટિક્રમમાં જ્ઞાતિઓ ચઢતા-ઉતરતા ક્રમમાં ગોઠવાયેલી હોય છે. જ્ઞાતિઓ વચ્ચેના સંબંધોનું સ્વરૂપ અને પ્રમાણ શુદ્ધિ-અશુદ્ધિના ખ્યાલો વડે

નિયંત્રિત થાય છે. દૂબેએ લખ્યું છે તેમ, જ્ઞાતિના સભ્યો સમાન સંસ્કૃતિ ધરાવે છે. આ સંસ્કૃતિ જ્ઞાતિના સભ્યોની જીવનશૈલી રચે છે. તેમાં આર્થિક, રાજકીય, ધાર્મિક અને સામાજિક સંગઠન, વગેરેને લગતી માન્યતાઓ, મૂલ્યો અને વર્તનના નિયમોનો સમાવેશ થાય છે. જ્ઞાતિની આ સંસ્કૃતિ સમાજીકરણની પ્રક્રિયા દ્વારા નવી પેઢીમાં હસ્તાંતરિત થતી રહે છે. જ્ઞાતિઓ ગામની અંદર અને આંતરગામમાં સામાજિક નિયંત્રણ અને સંઘર્ષ નિવારણનાં ક્રિયાતંત્રો ધરાવે છે. જ્ઞાતિનાં આ લક્ષણો વિશાળ અને સામાન્ય સ્વીકૃતિ પામેલાં છે પરંતુ પ્રત્યેક લક્ષણની બાબતમાં અમુક અપવાદો પણ રહેલા છે. જ્ઞાતિ એ નામ ધરાવતું જૂથ છે. જ્ઞાતિઓનાં નામો જ્ઞાતિવ્યવસ્થાની ગત્યાત્મકતાનો ભાગ છે. જ્ઞાતિનું નામ એ જ્ઞાતિ જૂથની ઓળખની નિશાની છે તેમજ તેના દરજ્જાનું પ્રતીક છે.

## 3. જ્ઞાતિનાં લક્ષણો
## (Characteristics of Caste)

ડૉ. ઘૂર્યે ભારતની પરંપરાગત જ્ઞાતિનું સ્વરૂપ સમજાવવા માટે જ્ઞાતિનાં 6 રૂઢિગત લક્ષણો નોંધે છે. આ લક્ષણો નીચે પ્રમાણે દર્શાવે છે :

**(1) હિન્દુ સમાજનું જુદા જુદા ખંડોમાં વિભાજન (Sengmental Division of Society) :**

વિવિધ જ્ઞાતિઓ ભારતમાં હિન્દુસમાજને જુદા જુદા વિભાગોમાં વિભાજિત કરે છે. પ્રાચીનકાળથી હિન્દુસમાજ એક અખંડ સમુદાય રહ્યો નથી. હિન્દુસમાજની પ્રત્યેક જ્ઞાતિ એક અલગ અને સ્વતંત્ર સામાજિક એકમ તરીકે અસ્તિત્વ ધરાવે છે.

- **જ્ઞાતિના આ લક્ષણનાં ત્રણ પાસાં છે :**

**(અ) જ્ઞાતિનું સભ્યપદ અને દરજ્જો જન્મગત(વંશપરંપરાગત) હોય છે :** દરેક જ્ઞાતિસમૂહનું સભ્યપદ જન્મ ઉપર અવલંબે છે. એટલે કે, જે જ્ઞાતિમાં વ્યક્તિનો જન્મ થયો હોય તે જ્ઞાતિના પરંપરાગત મહત્ત્વના આધારે વ્યક્તિનો દરજ્જો જન્મ થતાં વેંત જ નક્કી થઈ જાય છે. સ્વપ્રયત્નથી વ્યક્તિ જ્ઞાતિનું સભ્યપદ કે દરજ્જો બદલી શકતી નથી. મહારાષ્ટ્રનો દાખલો ટાંકીને ઘૂર્યે નોંધે છે કે, મરાઠા જ્ઞાતિઓની વ્યક્તિઓએ પોતાનો બાપદાદાનો ધંધો બદલવા છતાં તેમનો જ્ઞાતિ-દરજ્જો બદલાયો નથી.

(બ) **જ્ઞાતિપંચાયત :** ઘૂર્યે કહે છે કે ઘણીખરી જ્ઞાતિઓને પોતાની કાયમી પંચાયતો હોય છે. આવી પંચાયતો જ્ઞાતિના સભ્યોનાં અનેક વર્તનો ઉપર નિયંત્રણો અને અંકુશો ધરાવે છે. કોઈપણ સભ્ય જ્ઞાતિના રિવાજો કે નિયમોનું ઉલ્લંઘન કરે તો તેને જ્ઞાતિપંચાયત શિક્ષા કરે છે. આવી શિક્ષાઓમાં દંડ, સામાજિક બહિષ્કાર, જ્ઞાતિભોજનનો આદેશ, વગેરેનો સમાવેશ થાય છે. જ્ઞાતિવ્યવસ્થાને ટકાવી રાખવામાં જ્ઞાતિપંચો અને તેમની સત્તાઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. જ્ઞાતિ એક સંગઠિત જૂથ છે તેનો પણ આ ઘટના નિર્દેશ કરે છે.

(ક) **જ્ઞાતિની પોતાની આગવી સંસ્કૃતિ :** વિવિધ જ્ઞાતિઓના રીતરિવાજો અને ધારાધોરણોની બાબતોમાં તફાવતો જોવા મળે છે. જ્ઞાતિઓ સમાજના અંગરૂપ હોવા છતાં તેમનું પોતાનું આગવું જગત હોય છે અને આથી આવી જ્ઞાતિઓ નાની હોવા છતાં એકબીજાથી સ્પષ્ટ રીતે જુદું અસ્તિત્વ ધરાવે છે." આ રીતે દરેક જ્ઞાતિને પોતાની આગવી સંસ્કૃતિ હોય છે, જેને આપણે પેટા-સંસ્કૃતિ કે જ્ઞાતિ-સંસ્કૃતિ તરીકે ઓળખાવી શકીએ. ખંડ વિભાજનનાં આ ત્રણ પાસાં પ્રત્યેક જ્ઞાતિને એક સ્વતંત્ર સામાજિક એકમ બનાવે છે.

## (2) કોટિક્રમ (Hierarchy) :

વિવિધ જ્ઞાતિઓના અસમાન સામાજિક દરજ્જાઓનો કોટિક્રમ, જ્ઞાતિનું ધ્યાન ખેંચે તેવું, બીજું મહત્ત્વનું લક્ષણ છે. ઘૂર્યે કહે છે કે ભારતમાં બધી જ્ઞાતિઓની ઊંચા-નીચા અંગેની એક ચોક્કસ યોજના જોવા મળે છે. કોટિક્રમની આ વ્યવસ્થામાં અમુક જ્ઞાતિ સૌથી ઊંચી ગણાય છે. સાથોસાથ ઘૂર્યે એમ પણ જણાવે છે કે જુદી જુદી જ્ઞાતિઓનું ચોક્કસ સામાજિક સ્થાન નક્કી કરવું મુશ્કેલ છે. ઘૂર્યે નોંધે છે કે, સમાજની આજની સ્થિતિમાં પ્રત્યેક સમુદાયનું સ્થાન ઓળખી શકાય તેવું રહ્યું નથી. તે જ રીતે જ્ઞાતિઓના કોટિક્રમ માટે લોકોએ પોતે સ્વીકાર્ય ગણ્યો હોય તેવો સર્વસામાન્ય સિદ્ધાંત દેખાતો નથી. કોટિક્રમમાં સૌથી ટોચની અને સૌથી નીચેની જ્ઞાતિઓને બાદ કરતાં વચલાગાળાની જ્ઞાતિઓના સભ્યો પોતાની જ્ઞાતિ તેમની બાજુની જ્ઞાતિ કરતાં ઊંચી હોવાનો દાવો કર્યા કરતા હોય છે. ટૂંકમાં, જ્ઞાતિવ્યવસ્થામાં જ્ઞાતિઓના દરજ્જાઓની અસમાનતા અથવા કોટિક્રમ હોય છે ખરો, પણ આ કોટિક્રમમાં કઈ જ્ઞાતિ ક્યા સ્થાને છે તે નક્કી કરવું મુશ્કેલ છે.

(3) **ખાનપાન અને સામાજિક વ્યવહાર અંગેના પ્રતિબંધો :**

આ અંગેના પ્રતિબંધો શુદ્ધિ-અશુદ્ધિના ખ્યાલો પર રચાયેલા છે. ખાનપાન અને બીજા સામાજિક વ્યવહારો કઈ જ્ઞાતિ સાથે રાખી શકાય અને કઈ જ્ઞાતિ સાથે ન રાખી શકાય તે અંગેના ઘણાં ઝીણવટભર્યા સામાજિક ધોરણો દરેક જ્ઞાતિમાં હોવાનું ઘૂર્યે નોંધે છે. ખાવાપીવાના સંબંધો અને સામાજિક વ્યવહારોની બાબતમાં ભારતના જુદા જુદા પ્રદેશોમાં જુદી જુદી જ્ઞાતિઓના રિવાજોમાં ઘણા તફાવતો જોવા મળે છે.

(4) **નાગરિક તથા ધાર્મિક અસમર્થતાઓ :**

ભારતની વિવિધ જ્ઞાતિઓમાં પ્રવર્તતા ચઢિયાતાપણા અને અમુક જ્ઞાતિઓમાં નાગરિક અને ધાર્મિક અધિકારો વિશે એક પ્રકારની અસમાનતા સર્જી છે. અમુક જ્ઞાતિઓ લોકવ્યવહારમાં અનેક પ્રકારના નાગરિક અને ધાર્મિક અધિકારોથી વંચિત રહે છે, જ્યારે અમુક જ્ઞાતિઓ આ બાબતોમાં અનેક વિશેષાધિકારો ધરાવે છે. નાગરિક અને ધાર્મિક અધિકારોની અસમાનતા બંધારણ અને કાયદા દ્વારા નાબૂદ કરવામાં આવી છે, પરંતુ વ્યવહારમાં તે સંપૂર્ણ નાબૂદ થઈ નથી.

(5) **ધંધાની પસંદગી ઉપર અંકુશો :**

જ્ઞાતિઓના વ્યવસાયો વંશપરંપરાગત ચાલ્યા આવતા હતા. પ્રત્યેક જ્ઞાતિએ પોતાનો નક્કી થયેલો ધંધો કરવો તે ફરજ ગણાતી. પોતાની જ્ઞાતિ સિવાયનો અન્ય ધંધો ફાયદાકારક જણાતો હોય તો પણ જ્ઞાતિનો ધંધો છોડીને અન્ય ધંધો કરી શકાતો નહીં. ધંધાની મુક્ત પસંદગીમાં અમુક છૂટછાટ પણ હતી. જેમ કે વ્યાપાર, ખેતી, ખેતમજૂરી અને લશ્કરની નોકરી જેવા કેટલાક વ્યવસાયો કોઈપણ જ્ઞાતિની વ્યક્તિ સ્વીકારી શકતી. તે જ રીતે કારીગરના વ્યવસાયો સ્વીકારવાની બાબતમાં પણ આવી છૂટછાટ મળતી. વ્યક્તિની વ્યવસાયની પસંદગીમાં પોતાની જ્ઞાતિનું નૈતિક નિયંત્રણ રહેતું, એટલું નહીં પણ બીજી જ્ઞાતિઓનું નિયંત્રણ પણ અસરકારક ભાગ ભજવતું. દરેક જ્ઞાતિ પોતાનો વ્યવસાય બીજી જ્ઞાતિના સભ્યોને કરવાની છૂટ આપતી નહીં. ધંધાની પસંદગીની બાબતમાં સામાન્યતઃ જ્ઞાતિનાં ધોરણોના અંકુશો રહેતા હતા, આમ છતાં વિવિધ જ્ઞાતિઓને માટે વિવિધ ધંધાઓની પસંદગીની મર્યાદિત મોકળાશ રહેતી હતી. એકથી વધુ ધંધાઓ કરનારી અનેક જ્ઞાતિઓ હોવાનું જણાયું હતું. આ રીતે જ્ઞાતિ અને વ્યવસાય વચ્ચે એકંદરે અતૂટ

સંબંધ હતો અને તે શુદ્ધિ-અશુદ્ધિના ખ્યાલો ઉપર રચાયો હતો. હવે આ સંબંધ તૂટ્યો છે પણ નિર્મૂળ થયો નથી.

**(6) લગ્ન પરના પ્રતિબંધો :**

"દરેક જ્ઞાતિ વાસ્તવમાં અનેક નાની નાની પેટાજ્ઞાતિઓમાં વહેંચાયેલી હોય છે. અન્ય પેટાજ્ઞાતિની વ્યક્તિ સાથેના લગ્ન પ્રતિબંધિત હોય છે. આમ, પેટાજ્ઞાતિ તરીકે ઓળખાતાં આ બધાં જૂથો અંતર્લગ્નની પ્રથા ધરાવે છે. અંતર્લગ્નની આ પ્રથા જ્ઞાતિસમાજનું એવું નોંધપાત્ર પાસું છે કે વેસ્ટરમાર્કે તો તેને જ જ્ઞાતિવ્યવસ્થાના હાર્દ તરીકે ઓળખાવ્યું છે. જ્ઞાતિના અંતર્લગ્નના આ નિયમને કુલીન લગ્નપ્રથાના કારણે કેટલાક અપવાદો હોવાનું પણ ઘૂર્ય નોંધે છે. આંતરજ્ઞાતીય કુલીન લગ્નના કેટલાક અપવાદોને બાદ કરતાં દરેક પેટાજ્ઞાતિના લગ્નસંબંધોનું ક્ષેત્ર પોતાના જૂથ પૂરતું જ મર્યાદિત હોય છે. એટલે કે જ્ઞાતિ કે પેટાજ્ઞાતિમાં જ લગ્ન કરવાનું વ્યક્તિને માટે અનિવાર્ય ગણાયું છે. આ નિયમનો ભંગ કરનાર વ્યક્તિને જ્ઞાતિમાંથી કાઢી મૂકવા સુધીની સજાઓ કરવામાં આવતી હતી. આજે પણ જ્ઞાતિ અંતર્લગ્નનો નિયમ થોડાં પરિવર્તન સાથે ટકી રહ્યો છે.

ભારતના રાષ્ટ્રીય સમાજનું ધ્યેય જ્ઞાતિવિહીન સમાજ રચના સ્થાપવાનું છે. પરંતુ પલટાતી પરિસ્થિતિમાં જ્ઞાતિએ અનુકૂલન સાધીને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે.

જ્ઞાતિવ્યવસ્થા વ્યક્તિ, જ્ઞાતિ, સમાજ અને રાજ્ય માટે કેટલાંક અગત્યનાં કાર્યો કરતી આવી છે અને કરે છે. તેની સાથોસાથ આધુનિક યુગમાં જ્ઞાતિ કેટલાંક વિકાર્યો પણ કરે છે. જ્ઞાતિ વ્યક્તિ ઉપર બિનલોકશાહી નિયંત્રણ મૂકી વ્યક્તિના સ્વતંત્ર વિકાસમાં અવરોધ પેદા કરે છે. રાજ્ય વ્યક્તિને જે અધિકારો આપે છે તે અધિકારો જ્ઞાતિ વ્યક્તિને ભોગવવા દેતી નથી. જ્ઞાતિએ ભારતના આર્થિક અને સામાજિક વિકાસમાં અવરોધો ઊભા કર્યા છે. જ્ઞાતિમાં પેદા થતો જ્ઞાતિવાદ રાષ્ટ્રીય એકતામાં અવરોધક બને છે. કાયદાથી અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે પરંતુ જ્ઞાતિવ્યવસ્થાને લીધે વ્યવહારમાં તે નિર્મૂળ થઈ નથી. જ્ઞાતિવિહીન સમાજરચના સિદ્ધ કરવાનું ભારતનું ધ્યેય છે. પરંતુ જ્ઞાતિ અનુકૂલન સાધીને પોતાના અસ્તિત્વને ટકાવી રાખે છે. ભારતનું બંધારણ ભારતના કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના નાગરિક તરીકેના સમાન અધિકારો બક્ષે છે, પરંતુ જ્ઞાતિના પાયા ઉપરની સામાજિક અસમાનતા ટકી રહી છે. જ્ઞાતિવાદની ઘટનામાંથી જ્ઞાતિ સંઘર્ષો થાય છે.

# 4. વર્ણ અને જ્ઞાતિ
# (Varna and Caste)

એ. એમ. શાહ નોંધે છે તેમ, પ્રાચીન યુગની ચાર વર્ણની યોજના જ્ઞાતિવ્યવસ્થાની ગત્યાત્મકતાનો ભાગ છે. જ્ઞાતિ અને વર્ણની પરિભાષાઓને એકબીજાના પર્યાય તરીકે ઉપયોગમાં લેવી ન જોઈએ. અસંખ્ય જ્ઞાતિઓને ચાર વર્ણની યોજનામાં બંધબેસતી કરવાનો પ્રયત્ન નિષ્ફળ જવા સર્જાયેલો છે. એવો કોઈ ઐતિહાસિક પુરાવો નથી કે વર્તમાન જ્ઞાતિઓ એ વર્ણોના અવરિત વિભાજનું પરિણામ છે. એ ઉલ્લેખનીય છે કે કેટલીક વાર વર્ણનું નામ જ્ઞાતિ નામ તરીકે ઉપયોગમાં લેવાય છે. આમ છતાં વર્ણ અને જ્ઞાતિ વચ્ચે સ્પષ્ટ ભેદ પાડવો જોઈએ.

દૂબેના મતે હિન્દુ સમાજ વ્યવસ્થામાં વર્ણ એ માત્ર સંદર્ભ તરીકે ઉપયોગમાં લેવાતો શબ્દ છે. તે સામાજિક રચનાતંત્રનું કાર્ય કરતો એકમ નથી. વર્ણ વિભિન્ન જ્ઞાતિઓનો અર્પિત દરજ્જો સૂચવે છે. વર્ણ વર્ગીકરણની પ્રયુક્તિ પણ છે. તેમાં સમાન અર્પિત ધાર્મિક દરજ્જો ધરાવતી ઘણી જ્ઞાતિઓનો સમાવેશ થાય છે અને આ જ્ઞાતિઓ કોટિક્રમિક રીતે ગોઠવાયેલી હોય છે. વર્ણની વ્યવસ્થા સમાજના વિશાળ વિભાગોનો નમૂનો રજૂ કરે છે અને તે ગુણ અને કર્મ ઉપર રચાયેલો હતો. એક સંદિગ્ધતા એ છે કે સમગ્ર ભારતમાં એકસમાન સ્વરૂપનો કોટિક્રમ નથી. એક પ્રદેશમાં અમુક જ્ઞાતિનું કોટિક્રમિક સ્થાન અમુક હોય અને બીજા પ્રદેશમાં એ જ જ્ઞાતિનું કોટિક્રમિક સ્થાન બીજું હોય. હિંદુ સમાજમાં વર્ણોનું વિતરણ એકસમાન નથી. વર્ણના મોડેલમાં દેખાય છે તેવા કોટિક્રમિક વિભાગો વ્યવહારમાં સ્પષ્ટ નથી. આથી વર્ણના ખ્યાલની મર્યાદિત ઉપયોગિતા છે. વર્ણો અર્પિત દરજ્જાનો આછો ખ્યાલ આપે છે તેમજ સમાજજીવનના અમુક ક્ષેત્રમાં તેના વિશેષ કાર્યોનો નિર્દેશ કરે છે અને વર્તન-વ્યવહારની અપેક્ષાઓ સૂચિત કરે છે.

## (1) વર્ણનો અર્થ (Meaning of Varna) :

વર્ણનો અર્થ 'રંગ' અને 'વર્ગ' બંને કરવામાં આવે છે. હિંદુ સાંખ્ય દર્શનમાં વર્ણ શબ્દનો ઉપયોગ રંગના અર્થમાં કરવામાં આવ્યો છે. સમાજના આ ચાર વર્ગોને ચાર વર્ણો તરીકે ઓળખાવ્યા છે. વર્ણને રંગના અર્થમાં પ્રયોજીને આર્યોને સફેદ રંગ અને દાસ લોકોનો કાળો રંગ એમ બંને વચ્ચેનો તફાવત દર્શાવવા માટે આ શબ્દનો ઉપયોગ થયો હોવાનું જણાય છે. **રિચાર્ડ લેનોય** આ સંદર્ભમાં લખે છે

કે, વર્ણવ્યવસ્થામાં સમાજની ચાર કેટેગરીઝ - જે મૂળ ચાર જ્ઞાતિઓ નહોતી પણ ચાર વર્ગો હતા.

### (2) વર્ણ અને જ્ઞાતિ વચ્ચે તફાવત (Difference Between Varna and Caste) :

વર્ણવ્યવસ્થાએ જ્ઞાતિવ્યવસ્થાને દાર્શનિક આધાર પૂરો પાડ્યો છે તે ખરું, પરંતુ બંને વચ્ચે ભેદ રહેલો છે. વર્ણ અને જ્ઞાતિ વચ્ચેનો તફાવત સમજવો શા માટે જરૂરી છે. તે દર્શાવતાં ડૉ. દૂબે લખે છે કે, "વર્ણ અને જ્ઞાતિ વચ્ચેની ભેદરેખા દોરવી અત્યંત અનિવાર્ય છે, કારણ કે વર્ણની વ્યવસ્થા તો જ્ઞાતિઓની માત્ર ચાર વિશાળ શ્રેણી-કક્ષાઓનો જ નિર્દેશ કરે છે, જ્યારે જ્ઞાતિઓ તો સમાજરચનાનાં અર્થપૂર્ણ અને કાર્યાત્મક એવાં ખરાં એકમો છે. વર્ણ અને જ્ઞાતિ વચ્ચે તફાવતના આવા કેટલાક મહત્ત્વના મુદ્દાઓ નીચે મુજબ દર્શાવી શકાય :

**(i) દરજ્જાના નિર્ણાયક પરિબળોમાં તફાવત :** વર્ણવ્યવસ્થામાં દરજ્જાના નિર્ણાયક પરિબળ તરીકે જન્મ કરતાં કર્મનું અધિક મહત્ત્વ હતું, જ્યારે જ્ઞાતિવ્યવસ્થામાં દરજ્જાના નિર્ણાયક પરિબળ તરીકે કર્મ કરતાં જન્મનું મહત્ત્વ અધિક અંકાવા લાગ્યું. ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે, "ગુણ અને કર્મના વિભાગ અનુસાર મેં ચાતુર્વર્ણ્ય સર્જ્યું છે." ડૉ. રાધાકૃષ્ણન વર્ણવ્યવસ્થામાં દરજ્જાના નિર્ણાયક પરિબળ તરીકે જન્મ નહીં પણ કર્મનું મહત્ત્વ હતું તેમ જણાવે છે. ગાંધીજી પણ આવો જ મત ધરાવતા. આમ વર્ણવ્યવસ્થામાં વ્યક્તિના દરજ્જાના નિર્ણાયક પરિબળ તરીકે કર્મનું નહીં પણ જન્મનું મહત્ત્વ હતું, જ્યારે જ્ઞાતિસંસ્થામાં વ્યક્તિનો દરજ્જો તેના જન્મથી જ નક્કી થઈ જાય છે.

**(ii) દરજ્જાના કોટિક્રમમાં તફાવત :** વર્ણવ્યવસ્થા સમગ્ર ભારતીય સમાજમાં સમાનરૂપે વિકસેલી વ્યવસ્થા હતી. જ્યારે જ્ઞાતિવ્યવસ્થામાં પ્રદેશે પ્રદેશે જ્ઞાતિઓના દરજ્જાના સંદર્ભમાં અચોક્કસતાઓ પ્રવર્તે છે.

ચારેય વર્ણનો સામાજિક દરજ્જાના સંદર્ભમાં ઘૂર્યે લખે છે કે, વર્ણોના ઉદ્ભવ સાથે શરીરનાં જે અંગોનો સંબંધ અને ક્રમ દર્શાવવામાં આવ્યો છે તે મોટે ભાગે તે વખતના સમાજમાં ચારેય વર્ણોનો દરજ્જો સૂચવે છે. જો કે, ઋગ્વેદની ઋચામાં સીધી રીતે પ્રત્યેક વર્ણના ઊંચા કે નીચા દરજ્જા વિશે કાંઈ કહેવામાં આવ્યું નથી. આથી કેટલાક વિદ્વાનો એવું મંતવ્ય ધરાવે છે કે શરૂઆતમાં સમાજમાં

વર્ણો વચ્ચે સામાજિક દરજ્જાના તફાવતો હશે નહીં પણ આવા દરજ્જા-ભેદો પાછળથી ઉદ્‌ભવ્યા હશે. ગાંધીજીએ નોંધ્યું છે કે વર્ણવ્યવસ્થામાં વર્ણ-વર્ણ વચ્ચે કોઈ પણ પ્રકારના ઉંચનીચના ભેદભાવો નહોતા. બધા વર્ણોનો દરજ્જો સમાન ગણાતો. તેમાં દરજ્જાનો કોઈ ચોક્કસ કોટિક્રમ નહોતો. તેમણે કહેલું કે સમાજની સેવા કરવા માટે દરેક વ્યક્તિનો જન્મ થાય છે. દરેક સેવાકાર્યનું પોતપોતાની રીતે મહત્ત્વ હતું અને તેમાં ઊંચનીચના ભેદભાવોને કશું સ્થાન નહોતું.

વર્ણની તુલનામાં જ્ઞાતિનો વિચાર કરતાં જ્ઞાતિસંસ્થામાં સામાજિક દરજ્જાનો કોટિક્રમ સ્પષ્ટ રીતે વિકસેલો જણાય છે. જો કે, જણાવ્યું તેમ જ્ઞાતિપ્રથામાં વિભિન્ન જ્ઞાતિઓના દરજ્જા વિશે ભારતના જુદા જુદા પ્રદેશોમાં ઘણી વિવિધતા પ્રવર્તે છે, આમ છતાં ભારતમાં વિભિન્ન જ્ઞાતિઓ વચ્ચે દરજ્જાની બાબતમાં અસમાનતાની ઘટના સાર્વત્રિક રીતે જોવા મળે છે.

**(iii) અસમાનતાની માત્રામાં તફાવત :** ઋગ્વેદનું પુરુષ સૂક્ત સમાજની સરખામણી વિશાળ દેહ સાથે કરે છે. સમગ્ર દેહનું કોઈ પણ અંગ વધુ અગત્યનું કે બીજા અંગથી વધારે મહત્ત્વનું હોવાનો દાવો કરી શકે નહીં. ઐક્ય અને સેવાઓની પારસ્પરિકતા એ જ આ દૈહિક સિદ્ધાંતનું હાર્દ છે. દેહનાં વિભિન્ન અંગો જેમ રચનાતંત્રીય સંબંધોથી પરસ્પર જોડાયેલાં છે તેવો જ સંબંધ વર્ણવ્યવસ્થામાં હતો. આથી લેનોય કહે છે કે મૂળમાં વર્ણવ્યવસ્થાને દેહ સમાન ગણતો આ ખ્યાલ વર્ણો વચ્ચેના દરજ્જાની અસમાનતાનો ઇન્કાર કરે છે.

ડૉ. પ્રભુ પણ વર્ણની ઉત્પત્તિના ઉપર્યુક્ત સિદ્ધાંતના અર્થઘટનના સંદર્ભમાં નોંધે છે કે, આમ વર્ણવ્યવસ્થા શ્રમવિભાજનના સિદ્ધાંત ઉપર રચાયેલા સામાજિક વર્ગોને સૂચિત કરે છે. તેમાં સમાજનું ખંડવિભાજન ન હતું પરંતુ શ્રમવિભાજન હતું. તેમાં ઉચ્ચ નિમ્નના દરજ્જા ભેદ વ્યક્ત થતા નથી, પરંતુ સમાજવ્યવસ્થામાં ચારેય વર્ણોનું સમાન મહત્ત્વ સૂચિત થતું.

વર્ણોની તુલનામાં જ્ઞાતિઓનો ખ્યાલ કરતાં જણાય છે કે જ્ઞાતિપ્રથામાં વિભિન્ન જ્ઞાતિઓ વચ્ચે દરજ્જાની અસમાનતા તીવ્ર સ્વરૂપે વિકસેલી હોય છે. વિભિન્ન જ્ઞાતિઓ વચ્ચે ખાનપાન, લગ્ન અને સામાજિક સંબંધોમાં આ અસમાનતા વ્યક્ત થાય છે. પ્રત્યેક જ્ઞાતિ પોતાને અન્ય જ્ઞાતિઓની તુલનામાં ઉચ્ચ અને નિમ્ન ગણે છે. જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચેના સામાજિક સંબંધોની ઢબનું સમગ્ર ક્ષેત્ર જ્ઞાતિના

દરજ્જા-ભેદોને આધારે રચાતું હોય છે. ટૂંકમાં કહીએ તો પ્રારંભિક વર્ણવ્યવસ્થામાં દરજ્જાનો કોટિક્રમ વિકસેલો નહીં હોવાથી વિભિન્ન વર્ણો વચ્ચે સામાજિક અસમાનતાની માત્રા સ્પષ્ટ નહોતી. પરંતુ જ્ઞાતિપ્રથામાં તો પ્રારંભથી જ દરજ્જાનો કોટિક્રમ સ્પષ્ટ રીતે અસ્તિત્વ ધરાવતો હોવાથી વિભિન્ન જ્ઞાતિઓ વચ્ચે તીવ્ર સામાજિક અસમાનતા પ્રવર્તતી જોવા મળે છે.

(iv) **સામાજિક ગતિશીલતાનો તફાવત :** વર્ણવ્યવસ્થા એ પ્રારંભમાં ખુલ્લા પ્રકારની સમાજવ્યવસ્થા હતી. આથી ઊભી ગતિશીલતાનો તેમાં પૂરો અવકાશ હતો. એક વર્ણની વ્યક્તિ પોતાનો વ્યવસાય છોડીને અન્ય વર્ણનો વ્યવસાય સ્વીકારી શકતી વૈદિક યુગના અંતભાગમાં વર્ણો ચુસ્ત બન્યા હતા. આમ છતાં ઊભી અને આડી ગતિશીલતાનો અવકાશ તેમાં સંપૂર્ણ રીતે બંધ થયો ન હતો. વૈદિક સમયમાં વિભિન્ન વર્ણો વચ્ચે વ્યાવસાયિક નિયંત્રણ નહોતું. એક જ કુટુંબના સભ્યો જુદા જુદા વ્યવસાયોમાં રોકાયેલા હોવાના ઉલ્લેખો ઋગ્વેદમાં જોવા મળે છે. આમ વર્ણના વ્યવસાયો જન્મગત ન હતા. ડૉ. પ્રભુ જણાવે છે કે વૈદિકયુગમાં વર્ણવ્યવસ્થા ખુલ્લી વર્ગવ્યવસ્થા સમાન હતી. આ વર્ણો જન્મના પાયા ઉપર નહીં પણ વ્યક્તિગત ગુણકર્મો ઉપર રચાયેલા હતા. આથી સ્વાભાવિક રીતે જ વ્યક્તિ પોતાનું કર્મ બદલીને સરળતાથી જ બીજા વર્ણમાં જઈ શકતી.

સામાજિક ગતિશીલતાની તકોની દષ્ટિએ જ્ઞાતિપ્રથાનો વિચાર કરીએ તો જણાય છે કે વર્ણોની તુલનામાં જ્ઞાતિપ્રથા એક બંધવ્યવસ્થા છે. જ્ઞાતિમાં વ્યક્તિનો દરજ્જો જન્મથી જ નક્કી થઈ જતો હોવાથી વ્યક્તિને માટે પોતાની જ્ઞાતિ બદલવાનું મુશ્કેલ છે. જ્ઞાતિ દરજ્જો અર્પિત દરજ્જો છે. આથી વ્યક્તિગત ધોરણે તેમાં ઊભી ગતિશીલતાને અવકાશ રહેતો નથી. વ્યક્તિગત અને સામૂહિક ધોરણે જ્ઞાતિપ્રથામાં ઊભી ગતિશીલતાનાં કેટલાંક દષ્ટાંત મળે છે ખરાં, પણ તે એટલાં ઓછાં છે કે જેથી તેમને અપવાદરૂપ જ માનવાં પડે.

વર્ણ અને જ્ઞાતિની તુલના પરથી જણાશે કે વર્ણ સામાજિક રચનાતંત્રનું કાર્ય કરતું એકમ નથી. જ્યારે જ્ઞાતિ સામાજિક રચનાતંત્રનું કાર્ય કરતો એકમ છે. વર્ણવ્યવસ્થા ખંડવિભાજન અને કોટિક્રમના સિદ્ધાંત ઉપર રચાયેલ ન હતી જ્યારે જ્ઞાતિ વ્યવસ્થા ખંડવિભાજન અને કોટિક્રમના સિદ્ધાંત ઉપર રચાયેલી છે. 'વર્ણ' રંગ કે વર્ગને સૂચિત કરતો ખ્યાલ હતો જ્યારે જ્ઞાતિ-'Caste' શબ્દ ઓલાદ, વંશ

કે જાતિના સૂચક પોર્ટુગિઝ શબ્દ ('Casta'= કાસ્ટા)ઉપરથી ઉતરી આવ્યો છે. રિચાર્ડ લેનોય લખે છે તેમ, "વર્ગથી તદ્દન જુદા પ્રકારનું એવું પોર્ટુગીઝોએ તેને 'Caste' એવું નામ આપ્યું અને તેમાંથી ભારતીય સમાજ રચનાને લાગુ પડતો 'Caste' (જ્ઞાતિ) શબ્દ ઉદ્ભવ્યો. સમાજશાસ્ત્રીઓ હવે 'Caste' શબ્દ જાતિ (Jati) અથવા જ્ઞાતિ (Jnati) માટે ઉપયોગમાં લે છે. આમ ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો 'વર્ણ' વેદકાળથી પ્રચલિત હતો જ્યારે 'જ્ઞાતિ' 16 મી સદીથી પ્રચલિત બનેલો અને સ્વતંત્ર સામાજિક એકમરૂપ નાનાં નાનાં જૂથો માટે ઉપયોગમાં લેવાયેલો શબ્દ છે. વર્ણ અને જ્ઞાતિના દરજ્જાના નિર્ણાયક પરિબળોમાં, દરજ્જાના કોટિક્રમમાં, અસમાનતાની માત્રામાં તેમજ સામાજિક ગતિશીલતાની બાબતમાં તફાવતો રહેલા છે. આથી 'વર્ણ' અને 'જ્ઞાતિ'ની પરિભાષાઓને એકબીજાના પર્યાય તરીકે ઉપયોગમાં લેવી ન જોઈએ. બંને એકબીજાથી ભિન્ન છે.

## 5. જ્ઞાતિવાદ : અર્થ અને કારણો

## (Casteism : Meaning and Causes)

જ્ઞાતિવાદ એ સંકુચિત વફાદારીની ભાવના છે. એક જૂથભાવના તરીકે જ્ઞાતિવાદ સામાન્ય સંજોગોમાં સમસ્યા નથી પરંતુ જ્ઞાતિમાં જોવા મળતી જૂથભાવના જ્યારે અન્ય જ્ઞાતિના વિકાસમાં અવરોધ ઉભો કરે, અન્ય જ્ઞાતિને અમુક ધ્યેય પ્રાપ્તિના માર્ગમાંથી દૂર કરવાના કે તેની સાથે સંઘર્ષ કરવાની પ્રવૃત્તિ તરફ દોરે, લોકશાહીના વિકાસની પ્રક્રિયામાં અવરોધક બને, રાષ્ટ્રીય એકતામાં અવરોધક બને, સ્થાનિક સંવાદિતા કે સમરસતામાં અવરોધક બને ત્યારે જ્ઞાતિવાદ એક સમસ્યા બની રહે છે.

### (1) જ્ઞાતિવાદનો અર્થ :

**ઘૂર્યે** જ્ઞાતિવાદને જ્ઞાતિભક્તિની ભાવના તરીકે ઓળખાવે છે. જ્ઞાતિભક્તિની ભાવના અન્ય જ્ઞાતિઓ પ્રત્યે વિરોધ પેદા કરે છે અને રાષ્ટ્રીય સભાનતાના પૂર્ણ વિકાસમાં બિનઆરોગ્યપ્રદ વાતાવરણ પેદા કરે છે.

**રિચાર્ડ લેનોય** જ્ઞાતિવાદનો ખ્યાલ સ્પષ્ટ કરતાં નોંધે છે. તેમ, જ્ઞાતિજૂથનાં હિતો સંતોષવાના હેતુથી દબાણ કે લાંચરૂશ્વતની યુક્તિઓ અજમાવવામાં આવે, જ્ઞાતિના આધારે કોઈપણ સ્વરૂપની રાજકીય વફાદારી ઉદ્ભવે, જ્ઞાતિના પ્રભાવનો અયોગ્ય ઉપયોગ કરવામાં આવે કે સ્વ જ્ઞાતિજનની તરફેણમાં પક્ષપાત બતાવવામાં

આવે ત્યારે તેને જ્ઞાતિવાદ તરીકે ઓળખવામાં આવે છે.

**(2) જ્ઞાતિવાદનાં કારણો :**

ભારતમાં જ્ઞાતિવાદના ઉદ્ભવ વિકાસ માટે વિભિન્ન કારણો જવાબદાર છે. જ્ઞાતિવાદના આ વિભિન્ન કારણો નીચે મુજબ છે :

**(a) બ્રિટિશ સરકારની નીતિ :** બ્રિટિશ સરકારની એક માન્યતા એવી હતી કે ભારતમાં બ્રિટિશ સંસ્થાની સલામતીનો આધાર ભારતના લોકોને જ્ઞાતિભેદના પાયા ઉપર વિભક્ત રાખવામાં રહેલો છે. આથી બ્રિટિશ સરકારે લશ્કરમાંથી અમુક જ્ઞાતિઓની કમી કરવાની અને લશ્કરની એક ટુકડીમાં એક જ જ્ઞાતિની વ્યક્તિઓને નીમવાની પ્રથા દાખલ કરી. લશ્કરમાં જ્ઞાતિભેદ દાખલ કરવાની આવી નીતિએ જ્ઞાતિવાદને જન્મ આપ્યો. "ભાગલા પાડો અને રાજ્ય કરો"ની નીતિ તરીકે બ્રિટિશ સરકારે આ રીતે જ્ઞાતિભેદના આધારે વિભક્ત કરવાની પ્રવૃત્તિથી જ્ઞાતિવાદનો ઉદ્ભવ થયો.

**(b) સુધારણા પ્રવૃત્તિ :** ઓગણીસમી સદીમાં કેટલાક સુધારકોએ અમુક જ્ઞાતિના વિશિષ્ટ અધિકારો અને અમુક જ્ઞાતિની નિર્યોગ્યતાઓ નાબૂદ કરવા પ્રયાસ કર્યો. કેટલાંક સુધારકોએ જ્ઞાતિનાબૂદી માટે અનેક જ્ઞાતિઓને પેટાજ્ઞાતિઓમાં ભેળવી દેવા પ્રયત્ન શરૂ કર્યો. સુધારણા માટેના આવા પ્રયાસોથી જ્ઞાતિ સભાનતા વધુ મજબૂત બની અને જ્ઞાતિ સંગઠન વધવા પામ્યુ પરિણામે જ્ઞાતિવાદ વિકસવા લાગ્યો.

**(c) સંસ્કૃતિકરણ :** જ્ઞાતિવ્યવસ્થા ઉંચ-નિમ્નના ભેદભાવ ઉપર રચાયેલી અસમાનતાની વ્યવસ્થા છે. આવી વ્યવસ્થામાં અમુક જ્ઞાતિઓ અન્ય જ્ઞાતિની સંસ્કૃતિ અપનાવે ત્યારે તેને સંસ્કૃતિકરણ કહેવાય. જ્યારે કોઈ જ્ઞાતિ રાજકીય અને આર્થિક સત્તા પ્રાપ્ત કર્યા વિના કોઈ જ્ઞાતિ પોતાનું સંસ્કૃતિકરણ કરે છે ત્યારે એવી જ્ઞાતિ પ્રત્યે અમુક જ્ઞાતિના લોકો અણગમો, વિરોધ, અવરોધ પેદા કરે છે. આ રીતે સંસ્કૃતિકરણ જ્ઞાતિવાદનું એક કારણ બની રહે છે.

**(d) લોકશાહી પ્રક્રિયા :** જ્ઞાતિવાદ લોકશાહી પ્રત્યેની સ્વાભાવિક પ્રતિક્રિયારૂપ છે. પુખ્તવય મતાધિકાર અને ચૂંટણીપ્રથાએ તેમજ પંચાયતી રાજ્યે જ્ઞાતિઓને રાજકારણમાં પ્રવેશવાની નવી તકો પૂરી પાડી છે. આથી સંખ્યાબળ ધરાવતી જ્ઞાતિઓ દબાણજૂથો બની છે. લોકશાહી પ્રક્રિયા તરીકે ચૂંટણી પ્રથાથી ગ્રામપંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને રાજ્યકક્ષા એમ રાજકીય

જીવનના દરેક ક્ષેત્રમાં વિભિન્ન જ્ઞાતિઓ વચ્ચે સત્તાની સ્પર્ધા થાય છે. સહકારી મંડળીઓની ચૂંટણીઓમાં પણ આવી સ્પર્ધા થાય છે. પ્રત્યેક રાજ્યમાં રાજકીય ક્ષેત્રમાં જ્ઞાતિના આધારે થતી સ્પર્ધા જ્ઞાતિવાદને પ્રબળ બનાવે છે.

(e) **વિકાસ માટેની નવી તકો :** આધુનિક ભારતમાં આયોજિત વિકાસ કાર્યક્રમોને લીધે પરંપરાથી નિમ્ન સ્થાન ધરાવતી જ્ઞાતિઓને સામાજિક, શૈક્ષણિક, આર્થિક અને રાજકીય વિકાસ સાધવા માટેની નવી તકો ઉપલબ્ધ થઈ છે. આ નવી તકોની ઉપલબ્ધિ અને તેની પ્રાપ્તિ દ્વારા ઊંચો દરજ્જો મેળવવાના પ્રયાસથી પરંપરાથી ઊંચું સ્થાન ધરાવતી જ્ઞાતિઓ પોતાનું સ્થાન નીચું જશે કે અમુક જ્ઞાતિઓ પોતાની સમકક્ષ થઈ જશે કે આગળ વધી જશે તેવી ભીતિ સેવાતી હોય છે. આથી વિકાસ માટેની નવી તકોની પ્રાપ્તિની સ્પર્ધામાં જ્ઞાતિવાદ વધુ પ્રબળ બને છે.

(f) **આંતરજ્ઞાતીય લગ્નો :** અંતર્લગ્ન પ્રથા એ જ્ઞાતિનું લક્ષણ છે. પ્રત્યેક જ્ઞાતિ અંતર્લગ્ન પ્રથાના નિયમના પાલનનો આગ્રહ સેવે છે. જ્યારે કોઈ જ્ઞાતિમાં અન્ય જ્ઞાતિમાં લગ્ન કરવાનો હિસ્સો બને છે ત્યારે બંને જ્ઞાતિઓ પરસ્પર વિરોધ કરે છે. અંતર્લગ્નના નિયમના ચુસ્ત પાલન દ્વારા જ્ઞાતિ પોતાની પરંપરા જાળવી રાખવાનો આગ્રહ રાખે છે. આથી આંતરજ્ઞાતિય લગ્નોના બનાવો જ્ઞાતિવાદને પ્રબળ બનાવે છે.

(g) **વર્ચસ્વી જ્ઞાતિ :** સ્થાનિક કે પ્રાદેશિક કક્ષાએ જે જ્ઞાતિ આર્થિક અને રાજકીય વર્ચસ્વ ધરાવતી હોય, સાપેક્ષ રીતે ઊંચો દરજ્જો ધરાવતી હોય તે જ્ઞાતિને વર્ચસ્વી કે પ્રભાવી જ્ઞાતિ કહેવાય. આવી વર્ચસ્વી જ્ઞાતિઓને અમુક જ્ઞાતિઓની સ્થિતિ સુધરી જશે તો પોતાનું સ્થાન ભયમાં મુકાશે, એવી લાગણીથી પ્રેરાઈને વર્ચસ્વી જ્ઞાતિ અમુક જ્ઞાતિઓના વિકાસમાં અવરોધ પેદા કરે છે, વિરોધ કરે છે. આમ વર્ચસ્વી જ્ઞાતિઓ તેમના સ્થાપિત હિતથી પ્રેરાઈને આવી નકારાત્મક પ્રવૃત્તિઓ કરે છે ત્યારે જ્ઞાતિવાદ પ્રબળ બને છે.

(h) **જ્ઞાતિસંગઠનો :** આધુનિક સમયમાં જોવા મળતાં જ્ઞાતિસંગઠનોમાં જ્ઞાતિવાદની અભિવ્યક્તિ થાય છે. દરેક જ્ઞાતિને તેનું સંગઠન હોય છે. આ સંગઠન જ્ઞાતિના સભ્યોના કલ્યાણ માટેની વિભિન્ન પ્રવૃત્તિઓ કરે છે. જ્ઞાતિની લગ્નવાડીઓ, સમૂહલગ્નો, શૈક્ષણિક સહાયની પ્રવૃત્તિઓ, જ્ઞાતિ સંમેલનો, જ્ઞાતિના સામયિકો

વગેરેમાં જ્ઞાતિવાદની અભિવ્યક્તિ થાય છે. તેમજ જ્ઞાતિ સંગઠનોની આવી પ્રવૃત્તિઓ જ્ઞાતિવાદને વધુ મજબૂત બનાવે છે.

**(i) વાહનવ્યવહાર અને સંચારસાધનો :** વાહનવ્યવહાર અને સંચારસાધનોનો વિકાસ જ્ઞાતિ અને પેટાજ્ઞાતિઓને પરસ્પર નિકટ લાવીને, સંપર્ક ઝડપી બનાવીને જ્ઞાતિનું આંતરિક સંગઠન મજબૂત બનાવવામાં અને જ્ઞાતિભાવનાને મજબૂત બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

## 6. જ્ઞાતિવાદના પરિણામો અને ઉકેલો

## (Consegaences and Solutions of Casteism)

વિભિન્ન પરિબળોએ એકબાજુથી જ્ઞાતિના પરંપરાગત લક્ષણોમાં પરિવર્તનો નિપજાવવામાં ફાળો આપ્યો છે તો બીજી બાજુથી જ્ઞાતિવાદને વિકસાવાવમાં પણ ભાગ ભજવ્યો છે. પરિવર્તનને પરિણામે જ્ઞાતિસંસ્થાને છિન્નભિન્ન થતી અટકાવવાના પ્રયાસોમાંથી જ્ઞાતિવાદ પ્રગટ્યો છે. આંતરજ્ઞાતિય લગ્ન પ્રતિબંધોએ જ્ઞાતિવાદને પોષણ પૂરું પાડ્યું છે. લોકશાહી ચૂંટણીપ્રથાએ, સંચારસાધનોએ, અને જ્ઞાતિમંડળોની કલ્યાણ પ્રવૃત્તિઓએ જ્ઞાતિવાદને મજબૂત બનાવ્યો છે. ચૂંટણીમાં જીતવા માટે, નોકરી મેળવવા માટે કે કોઈપણ પ્રકારની મહેરબાની મેળવવા માટે જ્ઞાતિભક્તિનો ઉપયોગ થતો જોવા મળે છે. જ્ઞાતિવાદ રાષ્ટ્રભાવના માટે વિઘાતક છે. લોકશાહી માટે વિકાર્યાત્મક છે અને સામાજિક-આર્થિક વિકાસમાં તેમજ સમાનતાલક્ષી ન્યાયી સમાજના નિર્માણમાં અવરોધક છે.

### 1. જ્ઞાતિવાદના પરિણામો :

જ્ઞાતિવાદે ભારતીય સમાજમાં કેટલીક વિપરિત પરિસ્થિતિઓ અને પરિણામો નિપજાવ્યા છે, જે વિષમ સમસ્યાનો નિર્દેશ કરે છે. જ્ઞાતિવાદના આવાં પરિણામો નીચે મુજબ દર્શાવી શકાય :

**(1) રાષ્ટ્રભાવના માટે વિઘાતક :** માત્ર પોતાના જ્ઞાતિજૂથ પૂરતો મર્યાદિત ભક્તિભાવ અને વફાદારી રાષ્ટ્રભાવનાના વિકાસ માટે વિઘાતક નીવડે છે. જ્ઞાતિવાદ એવા સંકુચિત મનોદશા છે જેમાં જ્ઞાતિનું કલ્યાણ કે હિત મુખ્ય ધ્યેય હોય છે અને રાષ્ટ્રનું કલ્યાણ કે હિત ગૌણ બને છે. રાષ્ટ્રહિતના ભોગે જ્ઞાતિહિતને પ્રાધાન્ય અપાતું હોય છે જે રાષ્ટ્રભાવના અને કલ્યાણરાજયના માર્ગમાં અવરોધક બને છે.

જ્ઞાતિવાદ જ્ઞાતિહિતના સંદર્ભમાં રચાતા અભ્યંતર-બાહ્યાંતર જૂથસભાનતાને તીવ્ર બનાવે છે. પરિણામે પેદા થતાં આંતરજ્ઞાતીય સંઘર્ષો રાષ્ટ્રીય એકતાને હાનિ પહોંચાડે છે.

**(2) લોકશાહી માટે વિકાયાત્મક :** જ્ઞાતિવાદ લોકશાહી સમાનતાવાદી મૂલ્યોના સાંસ્થીકરણમાં વિકાર્યાત્મક બને છે. વ્યક્તિઓની સમાનતા અને સૌને માટે સમાનતક અને ન્યાય એ લોકશાહી આદર્શ છે, જ્યારે જ્ઞાતિવાદ વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે, જૂથ-જૂથ વચ્ચે અસમાનતા, પક્ષપાત અને અન્યાયની પરિસ્થિતિ પેદા કરે છે. આ દૃષ્ટિએ જોતાં જ્ઞાતિવાદ લોકશાહી આદર્શોને મૂર્તિમંત કરવા માટે વિકાર્યાત્મક બની રહે છે.

**(3) સામાજિક-આર્થિક વિકાસમાં અવરોધક :** આધુનિક સમાજમાં પ્રાપ્ત દરજ્જાને પ્રાધાન્ય અપાય છે. વ્યક્તિની કામગીરીને આધારે તેને સ્થાન અપાય છે. એટલે કે સ્થાનની ભરતીમાં કામગીરી, લાયકાતના મૂલ્યને પ્રાધાન્ય આપવાનું હોય છે, પરંતુ જ્ઞાતિવાદને લીધે કેટલીક વખત જ્ઞાતિવાદની અસર નીચે જન્મના આધારે ભરતી થવાની સંભાવના પેદા થતી હોય છે. આ ઘટના સામાજિક-આર્થિક વિકાસના માર્ગમાં અવરોધક બને છે.

**(4) જ્ઞાતિસંઘર્ષ :** જ્ઞાતિવાદની ઘટના કેટલાંક સંજોગોમાં જ્ઞાતિસંઘર્ષ પેદા કરે છે. વિકાસ પ્રક્રિયામાં અમુક જ્ઞાતિઓ વચ્ચે સ્પર્ધા પેદા થઈ છે અને સ્પર્ધા કેટલાંક સંજોગોમાં સંઘર્ષમાં પરિણમે છે. જ્ઞાતિવાદને અનુલક્ષીને જોતાં ભારતીય સમાજમાં આધુનિકીરણથી પ્રક્રિયામાં વિભિન્ન જ્ઞાતિજૂથોમાં ઉદ્‌ભવેલી ઊંચાજીવનની મહત્ત્વાકાંક્ષાને લીધે સામાજિક અશાંતિના ભાગરૂપ જ્ઞાતિસંઘર્ષની સમસ્યા પેદા થઈ છે. જ્ઞાતિ સંઘર્ષ ભારતના રાષ્ટ્રીય અને સામાજિક જીવન પર વિપરિત અસરો ઉપજાવે છે. જ્ઞાતિ સંઘર્ષમાં અમુક જ્ઞાતિ જૂથો વચ્ચેના સહકાર અને સુમેળપૂર્ણ સંબંધોમાં તીરાડ પડે છે અને લાંબા સમય સુધી તંગદિલીપૂર્ણ પરિસ્થિતિ રહેતી હોય છે. આ ઘટના ભારતીય સમાજના કલ્યાણના માર્ગમાં અવરોધ પેદા કરે છે.

## 2. જ્ઞાતિવાદના ઉકેલો :

જ્ઞાતિવાદના નિવારણ કે ઉકેલ માટે વિભિન્ન મંતવ્યો રજૂ થતા રહ્યાં છે. **એક મંતવ્ય** એવું છે કે જ્ઞાતિપ્રથાને નાબૂદ કરવાથી જ્ઞાતિવાદ આપોઆપ નાબૂદ થઈ જશે. પરંતુ ભૂતકાળમાં સુધારકો દ્વારા જ્ઞાતિનાબૂદી માટે થયેલાં પ્રયાસોને

પરિણામે જ્ઞાતિ નાબૂદીને બદલે જ્ઞાતિસભાનતા અને જ્ઞાતિભાવના વધુ પ્રબળ બની હતી. આથી જ્ઞાતિનાબૂદીના પ્રયાસો પડતા મૂકવામાં આવ્યાં હતાં.

બીજું મંતવ્ય એવું છે કે જ્ઞાતિવિહીન સમાજ વ્યવસ્થા રચવી. ભારત સરકારે જ્ઞાતિવિહીન સમાજરચનાનું ધ્યેય અપનાવ્યું છે. બંધારણ અને કાનૂની રીતે જ્ઞાતિ સમાનતા નાબૂદ કરવામાં આવી છે. એવી આશા રાખવામાં આવી હતી કે આધુનિક ઉદ્યોગીકરણથી ભારતીય સમાજનું જ્ઞાતિવિહીન અને વર્ગવિહીન સમાજમાં રૂપાંતર થવા પામશે. બીજી પંચવર્ષીય યોજના સમાજવાદી ઢબની સમાજરચનાના ધ્યેય સાથે અમલમાં મૂકવામાં આવી હતી. પરંતુ આ ધ્યેય સિદ્ધ થઈ શક્યું નથી. દીર્ઘકાળ સુધી સમાજવાદી વિકાસ કાર્યક્રમો અમલમાં મૂકવા છતાં જ્ઞાતિવિહીન અને વર્ગવિહીન સમાજરચના સ્થાપી શકાઈ નથી. તે ઘટના જ્ઞાતિનો અર્થવ્યવસ્થા સાથેનો ગાઢ સંબંધ સૂચિત કરે છે. સમાજવાદી વિકાસ માટેનાં વિભિન્ન પગલાંને લીધે વ્યાવસાયિક ગતિશીલતામાં વૃદ્ધિ થઈ છે. વ્યાવસાયિક ગતિશીલતામાં થયેલી વૃદ્ધિએ જ્ઞાતિ આધારિત શ્રમવિભાજન ભાંગી નાખ્યું છે, પરંતુ અર્થવ્યવસ્થાના આંતર માળખામાં જ્ઞાતિ એક આગળ પડતી શ્રેણી તરીકે ચાલુ રહેવા પામી છે. જોકે, જ્ઞાતિની હદમર્યાદા ઓળંગીને વ્યાવસાયિક ગતિશીલતા ઝડપી બની છે. નવા વ્યવસાયો અપનાવવામાં જ્ઞાતિ દરજ્જો વ્યક્તિને અટકાવતો નથી. **શ્રીનિવાસ** નોંધે છે કે મોટાભાગના લોકો જ્ઞાતિ નાબૂદ કરવી જોઈએ, જ્ઞાતિ રાષ્ટ્રીય એકતાને નબળી પાડે છે, જ્ઞાતિએ વૈમનસ્ય પેદા કર્યું છે, જ્ઞાતિએ જ્ઞાતિવાદ પેદા કર્યો છે એમ ન સ્વીકારે તેમજ જ્ઞાતિના નિયમોનું એક યા બીજી રીતે પાલન કરવાનું ચાલુ રાખે **ત્યાં સુધી જ્ઞાતિ નાબૂદ થવી અશક્ય છે.**

- જ્ઞાતિવાદની નાબૂદી માટે એક સૂચન એવું છે કે જ્ઞાતિવાદના વિઘાતક પરિણામોનું લોકોને શિક્ષણ આપવું જોઈએ. સંચાર-માધ્યમો આ કાર્ય કરી શકે.
- જ્ઞાતિવાદની નાબૂદી માટે એક સૂચન એવું છે કે આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન આપવું, જ્ઞાતિ અટકો લખાવી બંધ કરવી, અને જ્ઞાતિ સભાનતા સર્જતી પ્રવૃત્તિઓ અટકાવવી.
- જ્ઞાતિવાદ એ જ્ઞાતિભક્તિની ભાવના છે અને તેનું અસ્તિત્વ વ્યક્તિના મનમાં રહેલું છે. વ્યક્તિ જ્ઞાતનો સભ્ય હોવાને નાતે જ્ઞાતિજૂથ પ્રત્યેની વફાદારીની

ભાવના સ્વાભાવિક છે. પરંતુ વફાદારીઓના કોટિક્રમમાં પહેલી વફાદારી દેશ પ્રત્યે હોવી જોઈએ અને દેશ પ્રત્યેની વફાદારીના ભોગે જ્ઞાતિ પ્રત્યેની વફાદારી ગૌણ છે તેવા મૂલ્યનું નવી પેઢીમાં આંતરિકરણ થાય તે ઇચ્છનીય છે.

– નવી પેઢીમાં સમાનતા, સ્વાતંત્ર્ય, ન્યાય, બિનસાંપ્રદાયિકતા અને દેશ-ભક્તિની ભાવનાના મૂલ્યોનું કુટુંબ, શિક્ષણ સંસ્થા, ધાર્મિકનેતા, રાજકીય નેતા દ્વારા શિક્ષણ મળે તો લાંબેગાળે જ્ઞાતિવાદ નિયંત્રણમાં આવી શકે.

– જનશિક્ષણ એ જ જ્ઞાતિવાદનો ઉકેલ છે.

❖ ❖ ❖